પંચમહાલ, દાહોદ, મહિસાગર, વડોદરા થી પ્રગટ થતું દૈનિક

# પંચમહાલ સમાચાર

વર્ષ : ૨૭ ● અંક : ૧૫૯ ● કુલ પાના : ૪ ● તારીખ : ૨૯-૦૨-૨૦૨૪ ગુરૂવાર ● કિંમત રૂા.૧.૫૦/-


આદ્યસ્થાપક : સ્વ.અજય કાંતિલાલ પંચાલ

EDITOR, PRINTER PUBLISHER & OWNER : KARAN AJAYKUMAR PANCHAL, PUBLISHED FROM : BANDIBAR NO KHANCHO, TALAV ROAD, GODHRA, DIST. PANCHMAHAL (GUJARAT)

RNI NO:- 67073/97 | 9712880678 | panchmahalsamachar@gmail.com | panchmahalsamachar | panchmahalsamachar | www.panchmahalsamachar.com

પંચમહાલ સમાચારના વોટ્સએપ ગ્રુપમાં જોડાવવા માટે Hi લખી મેસેજ કરો. મો.૯૦૫૪૪ ૨૫૧૦૦

## વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ દેશના પ્રથમ હાઈડ્રોજન હબ પોર્ટને લીલી ઝંડી આપી



ચેન્નાઇ,

વડાપ્રધાન નરેન્દ્ર મોદી આજે તામિલનાડુના પ્રવાસે છે. આ દરમિયાન, તેમણે થૂથુકુડીમાં લગભગ ૧૭,૩૦૦ કરોડ રૂપિયાની અનેક વિકાસ યોજનાઓનું ઉદ્ઘાટન અને શિલાન્યાસ કર્યું. આ પ્રોજેક્ટ્સમાં દેશના પ્રથમ હાઈડ્રોજન હબ પોર્ટ અને ઈનલેન્ડ વોટર વે વેસલનો સમાવેશ થાય છે. આ જહાજ ગ્રીન બોટ પહેલ હેઠળ બનાવવામાં આવ્યું છે. આ સાથે પીએમએ વીઓ ચિદમ્બરનાર પોર્ટ ખાતે આઉટર હાર્બર કન્ટેનર ટર્મિનલનો શિલાન્યાસ કર્યો.

વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ થૂથુકુડીમાં ગ્રીન બોટ પહેલ હેઠળ ભારતના પ્રથમ સ્વદેશી ગ્રીન હાઈડ્રોજન ફ્યુઅલ સેલ ઈનલેન્ડ વોટરવેઝ વેસલને લીલી ઝંડી બતાવી હતી. ત્યારબાદ, તેમણે થૂથુકુડી નજીક કુલશેખરાપટ્ટિનમ ખાતે ભારતીય અવકાશ સંશોધન સંસ્થાના નવા પ્રક્ષેપણ સંકુલનો શિલાન્યાસ કર્યો, જેનો અંદાજે રૂ. ૯૮૬ કરોડનો ખર્ચ થવાની ધારણા છે. એવું કહેવામાં આવી રહ્યું છે કે એકવાર તે તૈયાર થઈ જાય તો અહીંથી દર વર્ષે ૨૪ લોન્ચ થઈ શકે છે. ઈસરોના આ નવા સંકુલમાં 'મોબાઈલ લોન્ચ સ્ટ્રક્ચર' અને ૩૫ કેન્દ્રોનો સમાવેશ થાય છે. આ અવકાશ સંશોધન ક્ષમતાઓને વધારવામાં મદદ કરશે.

આ અવસર પર પીએમ મોદીએ કહ્યું, 'આજે તમિલનાડુ થૂથુકુડીમાં પ્રગતિનો નવો અધ્યાય લખી રહ્યું છે. અનેક પ્રોજેક્ટનું ઉદ્ઘાટન થઈ રહ્યું છે અથવા શિલાન્યાસ થઈ રહ્યો છે. આ પ્રોજેક્ટ્સ વિકસિત ભારત માટે રોડમેપનો મહત્વનો ભાગ છે. આ પ્રોજેક્ટ્સમાં 'એક ભારત, શ્રેષ્ઠ ભારત'ની ભાવના પણ જોવા મળશે.

તેમણે કહ્યું, 'સત્ય કડવું છે, પરંતુ સત્ય પણ જરૂરી છે. હું યુપીએ સરકાર પર સીધો આરોપ લગાવી રહ્યો છું. આજે હું જે પ્રોજેક્ટ લઈને આવ્યો છું તે અહીંના લોકોની દાયકાઓથી માંગ હતી. જેઓ આજે અહીં સત્તામાં છે, તે સમયે દિલ્હીમાં સરકાર ચલાવતા હતા, પરંતુ તેમને તમારા વિકાસની પરવા નહોતી. તેઓએ તમિલનાડુ વિશે વાત કરી, પરંતુ તમિલનાડુના કલ્યાણ માટે પગલાં ભરવાની હિંમત ન હતી. આજે હું આ રાજયનું ભાગ્ય લખવા સેવક તરીકે તમિલનાડુની ધરતી પર આવ્યો છું.

વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ કહ્યું, 'આજે ભારતની પ્રથમ હાઈડ્રોજન ઈંધણ ફેરી શરૂ કરવામાં આવી છે. આ ફેરી ટૂંક સમયમાં કાશીમાં ગંગા નદી પર દોડશે, એક રીતે આ તમિલનાડુના લોકો તરફથી કાશીના લોકોને મોટી ભેટ છે.

વડા પ્રધાને કહ્યું, 'મેં એકવાર મન કી બાત કાર્યક્રમમાં કહ્યું હતું કે દેશના મુખ્ય દીવાદાંડીઓને પ્રવાસન કેન્દ્રો તરીકે વિકસાવી શકાય છે. આજે મને દેશના વિવિધ રાજ્યોમાં સ્થિત ૭૫ દીવાદાંડીઓમાં વિકસિત પ્રવાસન સુવિધાઓ દેશને સમર્પિત કરવાનું સૌભાગ્ય મળ્યું છે...આ છે નવું ભારત.

તેમણે કહ્યું, 'આપણા દેશમાં દાયકાઓથી જળમાર્ગો અને દરિયાઈ ક્ષેત્રની ઉપેક્ષા કરવામાં આવી હતી, પરંતુ આ ઉપેક્ષિત ક્ષેત્રો આજે વિકસિત ભારતનો પાયો બની રહ્યા છે. તેનો સૌથી વધુ ફાયદો તમિલનાડુ અને દક્ષિણ ભારતને મળી રહ્યો છે.

## કરોડોનું ડ્રગ્સ મંગાવવામાં આવ્યું તે દિશામાં તપાસનો ધમધમાટ શરૂ



પોરબંદર,

ગુજરાતનાં દરિયા કિનારેથી ફરી કરોડો રૂપિયાનું ડ્રગ્સ ઝડપાયું છે. ગત રોજ પોરબંદર પાસે મધદરિયેથી ૩૦૦૦ કિલો ડ્રગ્સ ઝડપાવા પામ્યું છે. કરોડની કિંમતનાં ડ્રગ્સ સાથે ૫ આરોપીઓની ધરપકડ કરી તેઓની પૂછપરછ હાથ ધરી છે. ગત રોજ પોરબંદરનાં દરિયા કિનારેથી ફરી ગત રોજ સાંજે દિલ્હી નાર્કોટિક્સ, ગુજરાત એટીએસ તેમજ અન્ય સેન્ટ્રલ એજન્સીએ ભેગા મળી ૩૦૦૦ કિલો ડ્રગ્સ ઝડપી પાડ્યું હતું. ત્યારે એજન્સીનાં સંયુક્ત ઓપરેશનમાં ઈરાનથી આવતી બોર્ડમાં ત્રણ શકમંદો ચરસ તેમજ અન્ય ડ્રગ્સ લઈને આવતા હતા. તે દરમ્યાન ગુજરાત એટીએસનાં અધિકારીઓએ બોટને ઝડપી પાડી તપાસ હાથ ધરતા તેમાંથી કરોડોનું ડ્રગ્સ મળી આવ્યું હતું.

ગત રોજ નાર્કોટિક્સ કંટ્રોલ બ્યુરો અને ગુજરાત એટીએસ દ્વારા સંયુક્ત ઓપરેશન હાથ ધરવામાં આવ્યું હતું. જેમાં મધદરિયેથી ઈરાનની બોટમાં ૩૦૦૦ કિલો ડ્રગ્સ ઝડપી પાડ્યું હતું. જેમાં હસીસ અને ચરસ હોવાનું માલૂમ પડ્યું હતું. ત્યારે ઝડપાયેલ ડ્રગ્સની આંતરરાષ્ટ્રીય માર્કેટમાં કિમત કરોડોની હોવાનું જાણવા મળી રહ્યું છે. ત્યારે એટીએસ દ્વારા આરોપીઓને ગુપ્ત સ્થળે લઈ જઈ તેઓની હાલ પૂછપરછ ચાલી રહી હોવાનું જાણવા મળી રહ્યું છે.

પોલીસે પકડેલા ખલાસીઓ પાસેથી સેટેલાઈટ ફોન અને સામગ્રી જપ્ત કરી હતી. ઝડપાયેલી પાંચેય બોટ અને ખલાસી ઈરાની હોવાનો ખુલાસો થયો છે. એટીએસ, નાર્કોટીક્સ અને નેવી દ્વારા સંયુક્ત ઓપરેશન હાથ ધરવામાં આવ્યું હતું. મોટો જથ્થો ઝડપાતા સુરક્ષા એજન્સીઓ દ્વારા તપાસનો ધમધમાટ શરૂ કર્યો છે.

ગુજરાત એટીએસ તેમજ નાર્કોટીક્સ અને નેવી દ્વારા હાથ ધરવામાં આવેલ સંયુક્ત ઓપરેશનમાં પોરબંદર પાસેથી ૩ હજાર કિલો ડ્રગ્સનો જથ્થો ઝડપી પાડ્યો છે. જેમાં ૧૦૦૦ કરોડની કિંમતનાં ડ્રગ્સ સાથે ૫ આરોપીઓની ધરપકડ કરી હતી. મધદરીયે ઓપરેશન પાર પાડી આરોપીઓને ઝડપી લેવાયા હતા. બોટમાં ૨૯૫૦ કિલો ચરસ, ૧૬૦ કિલો મેથામ્ફેમાઈન, ૨૫ કિલો મોર્ફીન હોવાની માહિતી મળી છે. ડ્રગ્સ લઈ જઈ રહેલ ઈરાની બોટને ઝડપી લેવામાં આવી ચે. મોટી માત્રામાં જથ્થો ઝડપાતા સુરક્ષા એજન્સીઓ દ્વારા તપાસનો ધમધમાટ શરૂ થયો છે.

પાંચ દિવસ પહેલા જ વેરાવળ બંદર કાંઠેથી ગુજરાત એસઓજી તેમજ એનડીપીએસ દ્વારા સંયુક્ત ઓપરેશન હાથ ધરવામાં આવ્યું હતું. જેમાં પોલીસે એસઓજી તેમજ એનડીપીએસની ટીમે વેરાવળ બંદરના નલિયા ગોળીકાંઠેથી રૂા. ૩૫૦ કરોડની કિંમતનું ડ્રગ્સ ઝડપી પાડ્યું હતું. ત્યારે પોલીસ દ્વારા રેડમાં હેરોઈનના ૫૦ કિલો સિલબંધ પેકેટનો જથ્થો પકડી પાડ્યો હતો. ત્યારે આ ઓપરેશન અંતર્ગત ત્રણ મુખ્ય આરોપીઓ સહિત ૯ આરોપીઓની ધરપકડ કરવામાં આવી છે. હવે એસઓજી તેમજ એનડીપીએસની ટીમ દ્વારા ગુજરાતમાં આટલા મોટા પ્રમાણમાં ડ્રગ્સ ક્યાંથી આવ્યુ. તેમજ કોનો દ્વારા કરોડોનું ડ્રગ્સ મંગાવવામાં આવ્યું તે દિશામાં તપાસનો ધમધમાટ શરૂ કર્યો છે. ત્યારે આ કેસમાં હજુ અન્ય લોકોનાં નામ સામે આવી શકે તેવી શક્યતાઓ છે.

## ભાવનગરના પૂર્વ અને પશ્ચિમ વિસ્તારોમાં અશાંતધારો લાગુ કરવાનો નિર્ણય

ભાવનગર,

ભાવનગરના ધારાસભ્ય અને ભાજપના પૂર્વ પ્રદેશ પ્રમુખ તેમજ પૂર્વ શિક્ષણમંત્રી રહેલા જીતુ વાઘાણીએ ઠ પર માહિતી આપતા જણાવ્યુ કે ભાવનગરના કેટલાક બાકી રહેલા વિસ્તારોમાં અશાંતધારો લાગુ કરવાની અનેક રજૂઆતો સામે આવી હતી અને આ રજૂઆતોને ધ્યાને લઈ તેના રાજ્યના મુખ્યમંત્રી અને રાજ્યના ગૃહરાજ્યમંત્રીએ ટૂંકાગાળામાં ત્વરીત ઐતિહાસિક નિર્ણય કર્યો છે.

જીતુ વાઘાણીએ જણાવ્યુ કે ભાવનગર પશ્ચિમ વિધાનસભા વિસ્તાર અને બાકી રહેતા ભાવનગર પૂર્વ વિસ્તારમાં અશાંત ધારો લાગુ કરવા માટેની અશાંત ધારા નાગરિક સમિતિ, ભારતીય જનતા પાર્ટી ભાવનગર શહેર તેમજ વિવિધ સંસ્થા તેમજ વિશ્વ હિંદુ પરિષદ તેમજ નાગરિકો દ્વારા અનેક રજૂઆત કરવામાં આવી હતી. આ રજૂઆતને ધ્યાને લઈને મુખ્યમંત્રીએ આ આ ઐતિહાસિક નિર્ણય કરતા જીતુ વાઘાણીએ ભાવેણાની જનતાને અભિનંદન પાઠવ્યા હતા.

ભાવનગર પશ્ચિમના જો વિસ્તારની વાત કરવામાં આવે તો રેલવે સ્ટેશન, અલકા ટોકીજ, રબર ફેક્ટરી, નિર્મળ નગર, બારસો મહાદેવની વાડી, શિલ્પીનગર, એસબીઆઈ કોલોની, એસટી સ્ટેન્ડ, દાદાસાહેબ કાળનાણા, અનંતવાડી, માધવ રત્ન, ફાતીમા કોન્વેન્ટ, સહિતના વિસ્તારોનો સમાવેશ થાય છે.

જ્યારે ભાવનગર પૂર્વમાં લાતી બજાર, દિવાનપરા, રૂવાપરી મંદિર, ક્રેશન્ટ, આનંદનગર, ગીતા ચોક, ડોન, સુભાષનગર, તિલકનગર, ભીલવાડા, હલુરીયા, માણેકવાડી, નવાપરા, શિશુ વિહાર, મેઘાણી સર્કલ, આંબાવાડી, ઘોઘા સર્કલ, એસબીઆઈ કોલોની, ડીએસપી ઓફિસ સહિતના વિસ્તારોનો સમાવેશ થાય છે.

## સુપ્રીમ કોર્ટના એક નિર્ણયના કારણે યોગ ગુરૂ બાબા રામદેવને ૨૩૦૦ કરોડનું નુકસાન

નવીદિલ્હી,

સુપ્રીમ કોર્ટે બાબા રામદેવની કંપની પતંજલિને મોટો ઝટકો આપ્યો છે. જે બાદ પતંજલિ ફૂડ્સના શેરમાં લગભગ ૪ ટકાનો ઘટાડો જોવા મળ્યો હતો. વાસ્તવમાં, સુપ્રીમ કોર્ટે મંગળવારે રામદેવની પતંજલિ આયુર્વેદ અને તેના મેનેજિંગ ડિરેક્ટર આચાર્ય બાલકૃષ્ણને દવાની જાહેરાતોમાં "ભ્રામક દાવા" ન કરવાના તેમના વચન પર પાછા ફરવા બદલ તિરસ્કારની નોટિસ મોકલી છે. જેની અસર શેરબજારમાં લિસ્ટેડ કંપનીઓના શેરમાં જોવા મળી રહી છે. માત્ર ૧૦૫ મિનિટમાં રામદેવની કંપનીને લગભગ ૨૩૦૦ કરોડ રૂપિયાનું નુકસાન થયું. ચાલો તમને એ પણ જણાવીએ કે મંગળવારે સુપ્રીમ કોર્ટે શું કહ્યું અને તે પછી બજારમાં કંપનીના શેરના આંકડા કેવી રીતે જોવામાં આવી રહ્યા છે.

સુપ્રીમ કોર્ટે પતંજલિને હૃદયરોગ અને અસ્થમા જેવા રોગોના ઈલાજનો દાવો કરતા ઉત્પાદનોને પ્રમોટ કરવા પર પણ રોક લગાવી હતી. ઈન્ડિયન મેડિકલ એસોસિએશન દ્વારા કોર્ટમાં પુરાવા રજૂ કર્યા બાદ આ નિર્ણય આવ્યો, જેમાં ધ હિન્દુ અખબારમાં પતંજલિની જાહેરાત અને એક પ્રેસ કોન્ફરન્સનો સમાવેશ થાય છે જેમાં કંપનીએ યોગની મદદથી ડાયાબિટીસ અને અસ્થમાને સંપૂર્ણ રીતે મટાડવાનો દાવો કર્યો હતો. કોર્ટે પતંજલિને અગાઉના કોર્ટના આદેશનું ઉલ્લંઘન કરતી શોધી કાઢી હતી, જેણે પતંજલિને ભ્રામક જાહેરાતો જારી કરવા અને ભ્રામક દાવા કરવા પર રોક લગાવી હતી.

જો કે, તે જ દિવસે એક નિયમનકારી ફાઈલિંગમાં, પતંજલિ ફૂડ્સે જણાવ્યું હતું કે ભારતની સર્વોચ્ચ અદાલતની ટિપ્પણીઓ પતંજલિ ફૂડ્સ લિમિટેડ સાથે સંબંધિત નથી, જે ખાદ્ય તેલ અને ખાદ્ય હ્નસ્ઝ્ય સેક્ટરમાં કાર્યરત સ્વતંત્ર રીતે લિસ્ટેડ એકમ છે.

કોર્ટના નિર્ણય બાદ બુધવારે કંપનીના શેરમાં ભારે ઘટાડો જોવા મળ્યો હતો. માહિતી અનુસાર, બીએસઈમાં પતજલિ ફૂડ્સના શેરમાં લગભગ ૪ ટકાનો ઘટાડો થયો હતો અને કંપનીનો શેર ૧૫૫૬ રૂપિયા પર આવ્યો હતો. જ્યારે એક દિવસ પહેલા કંપનીના શેર રૂ. ૧૬૨૦.૨૦ પર બંધ થયા હતા. જોકે, આજે કંપનીના શેર રૂ. ૧૫૬૨.૦૫ના મોટા ઘટાડા સાથે ખુલ્યા હતા. હાલમાં કંપનીનો શેર રૂ. ૫૪.૨૫ એટલે કે રૂ. ૩.૩૫ના ઘટાડા સાથે રૂ. ૧૫૬૫.૯૫ પર ટ્રેડ કરી રહ્યો છે.

કંપનીના શેરમાં ઘટાડાને કારણે કંપનીના વેલ્યુએશનમાં નોંધપાત્ર ઘટાડો થયો હતો. રામદેવની કંપનીને ૧૦૫ મિનિટના ટ્રેડિંગ સેશન દરમિયાન લગભગ ૨૩૦૦ કરોડ રૂપિયાનું નુકસાન થયું હતું. એક દિવસ પહેલા કંપનીનું વેલ્યુએશન ૫૮,૬૫૦.૪૦ કરોડ રૂપિયા હતું. સવારે ૧૧ વાગ્યે તે રૂ. ૫૬,૩૫૫.૩૫ કરોડ પર પહોંચી ગયો હતો. આનો અર્થ એ થયો કે કંપનીએ ૧૦૫ મિનિટમાં તેના મૂલ્યાંકનમાં રૂ. ૨,૨૯૫.૦૫ કરોડનો ઘટાડો જોયો હતો. હાલમાં કંપનીનું મૂલ્ય ૫૬,૪૭૧.૨૦ રૂપિયા છે.

## હવે નકલી કૃષિ અધિકારી! ૪૦ ટકા સબસીડીની લોન આપવાનું કહી રાજ્યમાં અનેકને લાખોમાં છેતર્યા

ભાવનગર,

ખેડૂતોને જો સબસીડી ઉંચી મળે અને મોટી લોન મળવાની વાતો કરવામાં આવે તો સતર્ક થઇ જજો. આ વાતો છેતરપિંડીની જાળ હોઇ શકે છે. આવો જ એક કિસ્સો બનાસકાંઠા જિલ્લામાં સામે આવ્યો છે. જ્યાં થરાદ તાલુકામાં ૨૮ જેટલા ખેડૂતોની સાથે લોનના બહાને છેતરપિંડી આચરવામાં આવી છે. થરાદ પોલીસે આ મામલે ફરિયાદ નોંધીને આરોપી નકલી અધિકારીની શોધખોળ શરુ કરી છે.

ભાવેશ ડાભી નામનો ભાવનગરના પાલીતાણાના શખ્શ સામે થરાદ પોલીસે ગુનો નોંધીને તપાસ શરુ કરી છે. જેણે શરુઆતમાં એક દરગાહના મુજાવરને પોતાનો શિકાર બનાવ્યા બાદ સામે આવ્યુ છે, તે અન્ય અનેક લોકોને તેણે પોતાના શિકાર બનાવ્યા છે. જેણે આ રીતે લાખો રુપિયા પડાવી લીધા છે.

પાલીતાણાના ભૂતીયા ગામના ભાવેશ મંગાભાઇ ડાભીએ થરાદના હાથાવાડાની મીરા દાતાર દરગાહના મુજાવર અલ્લાબગ્સ ગાજીશા જુનેજાને લોનની જરુર હોઇ તેમની સાથે છેતરપિંડી કરવામાં આવી હતી. તેમને ભાવેશ ડાભીએ પોતે ગાંધીનગરમાં ખેતીવાડી નિગમમાં ફરજ બજાવતો હોવાની ઓળખ આપી હતી. તેણે તેમના ડોક્યુમેન્ટ ૭/૧૨ ના ખેતીના ઉતારા સહિતની વિગતો આપી હતી. જે બાદ ૩૦ લાખની લોન મંજૂર થવાની વાત કરીને સબસીડી ખર્ચ પેટે અલગ અલગ ૫૦ હજાર રુપિયા લીધા હતા.

ભાવેશે આ ખેડૂતોને નોટિસ મોકલી હતી અને જેમાં તેઓને ગત જાન્યુઆરી માસની ૯મી તારીખે બનાસકાંઠા જિલ્લા સેવા સદન ખાતે હાજર રહેવા માટે જણાવેલ. જે દરમિયાન એગ્રીમેન્ટ કરવા અને ચેક મેળવવા હાજર રહેવા જણાવેલ. જોકે બાદમાં અલગ અલગ તારીખો બતાવતા રહેતા શંકા પડતા આ અંગેની ગાંધીનગર નિગમમાં તપાસ કરતા ખબર પડી કે ત્યા આવો કોઇ જ કર્મચારી નથી.

આરોપી ભાવેશે હોમ લોન, કૃષિ લોન અને પશુતબેલાઓની લોન મંજૂર કરાવી આપતો હોવાની વાતોમાં લોકોને વિશ્વાસમાં લીધા હતા. આ માટે તેણે ગાંધીનગરમાં ગુજરાત ખેતી નિયામક વિભાગની કચેરીના ખોટા પત્ર બનાવીને ખેડૂતોને આપીને ઠગાઇ આચરતો હતો.

## અબુ ધાબીનું હિન્દુ મંદિર ૧ માર્ચથી ભક્તો માટે ખોલવામાં આવશે



અબુધાબી,

અયોધ્યા બાદ અબુધાબીના હિન્દુ મંદિરનું પણ ઉદ્ઘાટન કરવામાં આવ્યું છે.બીએપીએસ દ્વારા નિર્મિત આ ભવ્ય હિન્દુ મંદિરનું ઉદ્ઘાટન ૧૪ ફેબ્રુઆરીએ વડાપ્રધાન નરેન્દ્ર મોદીની હાજરીમાં કરવામાં આવ્યું હતું. હાલમાં આ મંદિરમાં વીઆઈપી ભક્તો આવે છે. પરંતુ હવે આ મંદિર ટૂંક સમયમાં સામાન્ય લોકો માટે ખોલવામાં આવશે. જાણો કઈ તારીખથી સામાન્ય ભક્તો દર્શન કરી શકશે.અબુ ધાબીના હિન્દુ મંદિરના અધિકારીઓએ માહિતી આપી છે કે હવે ૧ માર્ચથી મંદિરના દરવાજા સામાન્ય ભક્તો માટે ખોલવામાં આવશે. મંદિર બોચાસણવાસી શ્રી અક્ષર પુરુષોત્તમ સ્વામિનારાયણ સંસ્થા સ્વામિનારાયણ સંસ્થાનું નિર્માણ દુબઈ-અબુ ધાબી શેખ ઝાયેદ હાઈવેના અબુ મુરીખાહમાં અલ રહબા પાસે કરવામાં આવ્યું છે. આ મંદિર ૨૭ એકર જમીનમાં ફેલાયેલું છે.મંદિરના પ્રવક્તાએ કહ્યું, "૧ માર્ચથી, લોકો મંદિરના દર્શન કરી શકશે. મંદિર દર સોમવારે પ્રવાસીઓ માટે બંધ રહેશે." લગભગ ૧૮ લાખ ઈંટોની મદદથી બનેલા યુએઈના પ્રથમ હિંદુ મંદિર માટે ભારતમાંથી ગંગા અને યમુનાના પવિત્ર જળ, રાજસ્થાનના ગુલાબી સેંડસ્ટોન અને લાકડાના ફર્નિચરનો ઉપયોગ કરવામાં આવ્યો છે.મંદિર સત્તાવાળાઓના જણાવ્યા અનુસાર મંદિરનું નિર્માણ પ્રાચીન બાંધકામ શૈલી અનુસાર કરવામાં આવ્યું છે.યુએઈ સરકારે મંદિરના નિર્માણ માટે જમીન દાનમાં આપી હતી.બીએપીએસના આંતરરાષ્ટ્રીય સંબંધોના વડા સ્વામી બ્રહ્મવિહારીદાસે જણાવ્યું હતું કે, "મંદિરના સાત શિખરો પર દેવતાઓની મૂર્તિઓ છે, જેમાં ભગવાન રામ, ભગવાન શિવ, ભગવાન જગન્નાથ, ભગવાન કૃષ્ણ, ભગવાન સ્વામિનારાયણ (ભગવાનનો અવતાર માનવામાં આવે છે.), જેમાં તિરુપતિ બાલાજી અને ભગવાન શિવ. અયપ્પાનો સમાવેશ થાય છે."મંદિરમાં મહાભારત અને રામાયણ સિવાય ૧૫ અન્ય કથાઓ પણ દર્શાવવામાં આવી છે. આ વાર્તાઓમાં માયા, એઝટેક, ઈજિપ્તીયન, અરબી, યુરોપિયન, ચાઈનીઝ અને આફ્રિકન સંસ્કૃતિઓનો સમાવેશ થાય છે. મંદિરની બહારની દીવાલો ભારતથી લાવવામાં આવેલા રેતીના પથ્થરથી બનેલી છે.

## યુકેમાં ઈમિગ્રેશનના નિયમો કડક થયા, ઈંગ્લેન્ડ જવા ઈચ્છતા ભારતીયો પર અસર થશે

લંડન,

ઓસ્ટ્રેલિયા, અમેરિકા અને કેનેડાની સાથે સાથે મોટી સંખ્યામાં વિદેશી વિદ્યાર્થીઓ યુકેમાં પણ ભણવા માટે જાય છે. એટલે યુકે માટે પણ ઈમિગ્રન્ટ્સ એક મહત્વનો મુદ્દો છે. બહારના દેશમાં આવીને રોજગારી મેળવતા ઈમિગ્રન્ટ્સ વિરુદ્ધ હવે સ્થાનિકોમાં રોષ વધી રહ્યો છે. સ્થાનિકોના આ રોષને જોતા યુકે સરકારે ઈમિગ્રન્ટ્સ માટેના નિયમો વધુ કડક બનાવ્યા છે, જેને કારણે વિદેશથી ભણવા આવતા વિદ્યાર્થીઓની સંખ્યામાં મોટો ઘટાડો થવાની શક્યતા છે.

યુકે ગવર્નમેન્ટના ગૃહ મંત્રાલય દ્વારા ફેબ્રુઆરી ૨૦૨૪ માટે એક ફેક્ટશીટ જાહેર કરવામાં આવી છે. જેમાં દેખાઈ રહ્યું છે કે યુકેમાં માઈગ્રેશન ઘટી રહ્યું છે. સરકારે જાહેર કરેલા આંકડા પ્રમાણે જૂન ૨૦૨૨થી જૂન ૨૦૨૩ના ગાળામાં ૬.૭૨ લાખ વિદેશી વિદ્યાર્થીઓ યુકે આવ્યા હતા. આને કોરોના પહેલાના સમય સાથે સરખાવીએ તો વિદેશથી આવતા લોકોની સખ્યા વધી છે, પરંતુ ડિસેમ્બર ૨૦૨૦ના ગાળાના આંકડા મુજબ વિદેશીઓની સંખ્યામાં ઘટાડો થયો છે.

યુકેમાં કાયદેસર રીતે આવતા વિદેશીઓની સંખ્યામાં થયેલા વધારાને રોકવા માટે યુકે સરકાર કાર્યરત્ થઈ છે. આ ઉપરાંક યુકેમાં બીજા દેસમાંથી આવતા વિદ્યાર્થીઓ ડિપેન્ડન્ટ્સને પણ બોલાવે છે, તેવા કિસ્સાઓ પણ ઘટી રહ્યા છે. યુકે સરકારને આસંકા છે કે માઈગ્રેશન પોલિસીનો દુરુપયોગ થઈ રહ્યો છે, અને મોટી સંખ્યામાં લોકો અહીં આવી રહ્યા છે. એટલે માઈગ્રેશન સિસ્ટમાં જે લૂપ હોલ્સ હતા, તેને દૂર કરવા માટે નવા પ્રતિબંધ જાહેર કરાયા છે. જેને કારણે વિદેશથી યુકે આવતા લોકોની સંખ્યામાં ૩ લાખનો ઘટાડો થશે.

યુકેએ પોતાને ત્યાં આવતા માઈગ્રન્ટ્સની સંખ્યામાં ઘટાડો કરવા કેટલાક પ્રતિબંધ મૂક્યા છે. જે મુજબ જે પણ વિદેશી નાગરિક યુકેમાં કેર વર્કર તરીકે આવે છે, તે પોતાના ફેમિલીને અહીં નહીં બોલાવી શકે. આ ઉપરાંત યુકેની સોશિયલ કેર કંપનીઓએ કેર ક્વોલિટી એજન્ટની શરતો માનવી જરૂરી છે. આ પ્રતિબંધો ૧૧ માર્ચથી અમલમાં આવવાના છે. આ ઉપરાંત વિદેશી કર્મચારીઓ યુકેમાં કામ કરે છે, તેમની આવક મર્યાદાનો માપદંડ પણ વધારી દેવાયો છે. જેથી ઓછા વેજિસમાં કામ કરતા વિદેશી કામગારોએ ગમે ત્યારે યુકે છોડીને પાછા જવું પડી શકે છે.

વિદેશી વર્કર્સના પગારના બેન્ચમાર્કમાં ૫૦ ટકાનો વધારો કરાયો છે. અગાઉ જે કામગીરી માટે ૨૬,૨૦૦ પાઉન્ડની સેલરી યોગ્ય ગણાતી હતી, તેના માટે આવકનો બેન્ચમાર્ક ૩૮,૭૦૦ પાઉન્ડ કરી દેવાયો છે. એટલે હવે યુકેની કંપનીઓ વિદેશી કેર વર્કર્સને સસ્તા ભાવે હાયર નહીં કરી શકે. જેથી વિદેશીઓની નોકરીની તકો ઘટી જશે.

યુકે સરકારનું માનવું છે કે માત્ર એવા જ લોકો તેમના દેશમાં આવે, જે પોતાના પગારમાંથી પરિવારનો ખર્ચ કાઢી શકે. આ માટે ફેમિલી વિઝાની પ્રક્રિયા પણ કડક બનાવાઈ છે. યુકે સરકારનું માનવું છે કે ડિપેન્ડટ્સ નોકરી ન કરે તો સ્થાનિકોની નોકરીની તક વધી શકે છે. એટલે ડિપેન્ડટ્સના ફેમિલી મેમ્બરનો પગાર એટલો હોવો જરૂરી છે, જેમાંથી તેઓ ફેમિલીનો ખર્ચ કાઢી શકે.

## પોરબંદર-છાયાં નગરપાલિકા અને નડિયાદ નગરપાલિકા હવે મહાનગરપાલિકા બનશે.

ગાંધીનગર,

ગુજરાત સરકાર દ્વારા વિધાનસભા ગૃહમાં વધુ એક મોટી જાહેરાત કરવામાં આવી છે. આ જાહેરાતને કારણે જે તે વિસ્તારના લોકોનું જીવન ધોરણ ધરમૂળથી બદલાઈ જશે. તેમને મળતી સુવિધાઓમાં થઈ જશે ફેરફાર. ગુજરાત સરકારે વધુ બે નગરપાલિકાઓને મહાનગરપાલિકા બનાવવાનો નિર્ણય લીધો છે. રાજ્યની વધુ બે નગર પાલિકા મહાનગરપાલિકા બનશે, આ જાહેરાત ખુદ રાજ્યના નાણામંત્રી કનુ દેસાઈની વિધાનસભામાં ગૃહમાં કરી છે. ગુજરાતની પોરબંદર-છાયાં નગરપાલિકા અને બનશે નડિયાદ નગરપાલિકા હવે મહાનગરપાલિકા બનશે. મહત્ત્વનું છે કે, અગાઉ સાત નગરપાલિકાની મહાનગરપાલિકા બનાવવાની ગુજરાત સરકારે થોડા સમય પહેલાં જ જાહેરાત કરી હતી.

ગુજરાત સરકારે ગત બીજી ફેબ્રુઆરીએ રજૂ કરેલા બજેટમાં રાજ્યમાં વધુ સાત નગરપાલિકાઓને મહાનગરપાલિકા બનાવવાની જાહેરાત કરી હતી. જેમાં નવસારી, ગાંધીધામ, મોરબી, વાપી, આણંદ, મહેસાણા અને સુરેન્દ્રનગર/વઢવાણનો સમાવેશ કરવામાં આવ્યો હતો. ત્યારે હવે બજેટ સત્રમાં નાણાંમંત્રી કનુભાઈ દેસાઈએ વધુ બે નગરપાલિકાઓને મહાનગર પાલિકા તરીકે જાહેર કરી છે.

ગાંધીનગરમાં હાલમાં ચાલી રહેલા બજેટ સત્રમાં નાણાંમંત્રી કનુંભાઈ દેસાઈએ આજે મોટી જાહેરાત કરી છે. તેમણે જણાવ્યું છે કે, રાજ્યમાં વધુ બે નગરપાલિકાઓને મહાનગરપાલિકાનો દરજ્જો આપવામા આવશે.તેમણે પોરબંદર – છાયા નગરપાલિકા અને નડિયાદ નગરપાલિકાને મહાનગરપાલિકા તરીકે જાહેર કરી છે. આણંદ નગરપાલિકાને મહાનગર પાલિકાનો દરજ્જો અપાતા નડિયાદ નગરપાલિકાને પણ મહાનગરપાલિકાનો દરજ્જો મળે તેવી માંગ કરવામા આવી હતી. ત્યારે આજે નાણામંત્રી કનુભાઈ દેસાઈ દ્વારા નડિયાદ નગરપાલિકાને મહાનગરપાલિકાનો દરજ્જો આપવાની જાહેરાત કરતા નડિયાદવાસીઓમાં ખુશીની લાગણી પ્રસરી છે.

હવે રાજ્યમાં કુલ ૧૭ મહાનગરપાલિકાઓ થશે. અગાઉ ગૃહમાં બજેટ સત્ર દરમિયાન કેબિનેટ મંત્રી ઋષિકેશ પટેલે કહ્યું હતું કે, પ્રવર્તમાન શહેરીકરણની સ્થિતિને પારખીને રાજ્ય સરકારે નવી મહાનગરપાલિકાઓ બનાવવાનો નિર્ણય લીધો છે. રાજ્યમાં શહેરીકરણની ગતિ વધી રહી છે. રાજ્યની અંદાજે ૫૦ ટકા વસતિ અત્યારે શહેરોમાં વસવાટ કરે છે. જે વર્ષ-૨૦૪૭ સુધી વધીને ૭૫ ટકા સુધી પહોંચે તેવી ધારણા છે.

તા.૨૯/૦૨/૨૦૨૪
ગુરૂવાર

મહિસાગર, ખેડા આવૃત્તિ

લુણાવાડા, ખાનપુર, સંતરામપુર, બાલાસિનોર, વિરપુર, કડાણા, નડીયાદ, કપડવંજ, કઠલાલ, ઠાસરા, માતર

પંચમહાલ સમાચાર

# મહિસાગર જિલ્લામાં પ્રા.શાળાઓમાં સફાઈની ગ્રાન્ટ ન મળતા હાલાકી

લુણાવાડા, મહિસાગર જિલ્લાની પ્રા.શાળાઓને સફાઈના કાર્યો માટે સરકાર દ્વારા નિયત ગ્રાન્ટ આપવામાં આવતી હોય છે. જે ગ્રાન્ટ સરકાર દ્વારા પાછલા ઘણા સમયથી જિલ્લામાં ગ્રાન્ટ ફાળવવામાં આવી છે પરંતુ જિલ્લા શિક્ષણ વિભાગ દ્વારા શાળઓને સ્વચ્છતાં માટે સફાઈ ગ્રાન્ટ ન આપતા શિક્ષકોને પોતાના ખર્ચે સાવરણા, ડસ્ટબીન, નિલકટર, સહિતની વસ્તુઓ ખરીદવી કરવા મજબુર બન્યા છે.બાકી પગારને લઈ સફાઈ કામદારો કામે ન આવતા બાળકો દ્વારા કે શિક્ષકોને જાતે સફાઈ કરવાની ફરજ પડી છે. આ માટે રજુઆત કરવામાં આવી છતાં ગ્રાન્ટ મળી નથી. મહિસાગર જિલ્લાની ૧૨૪૪ જેટલી પ્રા.શાળાઓમાં સફાઈ અભિયાનની વાતો માત્ર કાગળ પર જણાય છે. ગુજરાત કક્ષાએ શાળાઓને સ્વચ્છતાં માટે ગ્રાન્ટની ફાળવણી કરવામાં આવે છે. આ ગ્રાન્ટનો વપરાશ શાળામાં આવેલા સેનિટેશનની સ્વચ્છતાં, શાળા પરીસરની સફાઈ માટે કરવામાં આવે છે. જે શાળા સ્વચ્છતાં માટે કર્મચારીઓને માસિક પગાર ચુકવવાનો હોય છે. તેમજ અન્ય સ્વચ્છતાંની સામગ્રીની દરરોજ જરૂર પડે ખરીદી કરવાની હોય છે. પરંતુ મહિસાગર જિલ્લા શિક્ષણ વિભાગ દ્વારા સમયસર ગ્રાન્ટ ન મળતી હોવાને લીધે જે તે શાળાના મુખ્ય શિક્ષકો દર માસે નાણાંની પોતે વ્યવસ્થા કે ગાંઠના નાણાંમાંથી ખર્ચ કરવો પડતો હોય છે. મારી શાળા સ્વચ્છ શાળાના અભિગમને સાર્થક કરવા જિલ્લા તંત્ર આળખ ખંખેરી

# લુણાવાડાના ચારણ ગામમાં ધો-૧ થી ૮ની શાળામાં ઓરડાના અભાવે બાળકો ખુલ્લામાં ભણવા મજબુર

લુણાવાડા, લુણાવાડાના ચારણ ગામે ધો-૧ થી ૮ની શાળાના ૭૩ વિદ્યાર્થીઓ માટે ઓરડા સાથે શિક્ષકોની ઘટના કારણે વિદ્યાર્થીઓના અભ્યાસ પર અસર પડી રહી છે. આ અંગે સ્થાનિક સરપંચ સહિતનાઓ દ્વારા રજુઆત કરવા છતાં તંત્ર દ્વારા કોઈ કાર્યવાહી કરવામાં આવતી નથી. જેને કારણે વાલીઓમાં રોષ જોવા મળ્યો હતો.

લુણાવાડા તાલુકામાં આવેલા ચારણગામ (ન.મ.)પે.સેન્ટર શાળામાં ધો-૧ થી ૮ના ૭૩ જેટલા બાળકો અભ્યાસ કરે છે. પરંતુ ચારણ ગામ પે.સેન્ટર શાળામાં બાળકોને



બેસવા માટે માત્ર એક જ ઓરડો હોવાથી બાળકો ખુલ્લામાં આભ નીચે અભ્યાસ કરી રહ્યા છે. છેલ્લા ચાર વર્ષથી વધુ સમયથી બાળકો ખુલ્લામાં અભ્યાસ કરવા મજબુર બન્યા છે. ૧૭ વર્ષ પહેલા જર્જરિત ઓરડાઓ ડિસ્મેન્ટલ કરી દેવા માટે ઓર્ડર કર્યો હતો. જે ઓરડા ચાર વર્ષ પહેલા ડિસ્મેન્ટલ કર્યા હતા. ત્યારબાદ પ્રિન્સિપાલની ઓફિસનો માત્ર એક જ ઓરડો હોવાથી શાળાના મેદાનમાં સરપંચ દ્વારા શેડની વ્યવસ્થા કરતા ૧ થી ૮ ધોરણના બાળકોને એક સાથે બેસાડી અભ્યાસ કરવાનો વારો આવ્યો છે. તે પણ શાળાની બહાર ખુલ્લામાં અભ્યાસ કરી રહ્યા છે. તેમજ શાળામાં માત્ર ૩ શિક્ષકો છે. ગણિત-વિજ્ઞાન અને સામાજિક વિજ્ઞાન એમ બે મહત્વના શિક્ષકોની જગ્યા ખાલી છે. પોતાના બાળકોનો અભ્યાસ બગડતા હોવાથી વાલીઓ પણ ભારે ચિંતામાં મુકાયા છે. શિયાળામાં બાળકો બહાર બેસી અભ્યાસ કરી રહ્યા છે. પરંતુ ચોમાસામાં અને ઉનાળામાં શુ હાલ થશે ? તંત્રના વાંકે છેલ્લા ચાર વર્ષથી માત્ર એક જ ઓરડો હોવાથી ચાર વર્ષ પહેલા ૩૦૦ બાળકો હતા જે આજે માત્ર ૭૩ રહ્યા છે. ગામલોકો તેમજ સરપંચ દ્વારા વારંવાર રજુઆત કરવા છતાં અન્ય ઓરડા ન બનતા વાલીઓમાં રોષ જોવા મળ્યો હતો.

# બેફામ કાર ચલાવી ટુ વ્હીલર અને યુવકને ટક્કર મારનાર કારચાલક હેમીલ કાકાનું ડ્રાઈવીંગ લાયસન્સ પાંચ વર્ષ માટે સસ્પેન્ડ કરવાનો કોર્ટનો ચુકાદો

## કોર્ટે લાયસન્સ સસ્પેન્ડ કરી આપી ચેતવણી : બેફામ વાહન ચલાવતા બેદરકાર વાહનચાલકો ચેતી જજો.

મલેકપુર, બેફામ અને બેદરકારી પૂર્વક વાહન ચલાવવાના ગુન્હામાં પાંચ વર્ષ સુધી લાયસન્સ સસ્પેન્ડ કરવાનો ચુકાદો ચીફ જયુડીશીયલ મેજીસ્ટ્રેટે ફરમાવતા બેદરકાર વાહનચાલકોમાં ફફડાટ વ્યાપી ગયો છે. દોઢ વર્ષ અગાઉ એક કારચાલકે પૂરઝડપે અને ગફલતભરી રીતે કાર હંકારીને લુણાવાડા બોરીયાવાલા હોલની નીચે ઉભેલા ટુ વ્હીલર અને યુવકને ટક્કર મારી ભાગી છુટેલા કારચાલક વિરૂદ્ધ કેસ ચાલી જતાં આ ચુકાદો આપ્યો છે.

કેસની વિગત મુજબ વર્ષ ૨૦૨૨માં આરોપી હેમિલ રાજેશભાઈ કાકા રહે.કાકાના ભેંસવાડા તા.લુણાવાડાએ પોતાના કબજાની હુન્ડાઈ કંપનીની કાર પુરઝડપે અને ગફલત ભરી રીતે હંકારી લઈ આવી લુણાવાડા બોરીયાવાલા હોલની નીચે ચાઈનિઝ લારી પાસે ફરીયાદીની એકટીવા ગાડી નં. જી જે.૩૫.એ.૮૦૬૪ ને જોર થી ટકકર મારી નુકસાન કરી તેમજ સાહેદ સાગરકુમાર જયેશભાઈ પટેલીયાના જમણા હાથના કાંડા પાસે ફ્રેકચર કરી ડાબા પગે ફ્રેકચર તથા ઈજાઓ કરી નાસી જઈ ભારતીય દંડ સંહીતાની કલમ-૨૭૯,૩૩૭,૩૩૮ તથા એમ.વી.એકટની કલમ ૧૭૭, ૧૮૪, ૧૩૪, મુજબનો સજાને પાત્ર ગુનો કરેલ હોય ફરીયાદીની ફરીયાદના આધારે ગુનાની તપાસના અંતે આરોપી સામે પુરતો પુરાવો મળી આવતા પોલીસે મહીસાગર જીલ્લાના ચીફ જયુડીશીયલ મેજીસ્ટ્રેટ ની કોર્ટમાં ચાર્જશીટ દાખલ કર્યુ હતું. કેસ ચાલી જતાં સરકાર તરફે એ પી પી વાય એસ ગોંસાઈની દલીલોને ગ્રાહ્ય રાખી ચીફ જયુડીશીયલ મેજીસ્ટ્રેટ પી.સી.સોનીએ આરોપી હેમીલભાઈ રાજેશભાઈ કાકા રહે.કાકાના ભેસાવાડા તા.લુણાવાડા જી.મહીસાગર નાઓને ક્રિ.પ્રો.કો.કલમ-૨૪૮(૨) અન્વયે ઈ.પી. કો. કલમ- ૨૭૯ ના ગુના સબબ અંકે રૂપિયા એક હજાર તથા ઈ.પી.કો. કલમ ૩૩૭ ના ગુનામાં અંકે રૂપિયા પાંચસો ના દંડની સજા અને જો આરોપી દંડ ભરવામાં કસુર કરે તો આરોપીએ ત્રણ માસની સાદી કેદની સજા ભોગવવાની રહેશે. એમ.વી.એકટ કલમ-૨૦ વંચાણે લેતાં આરોપી ૨૭૯,૩૩૭ તથા ૧૮૪ મુજબના ગુનામાં તકસીરવાન ઠરેલ હોય પાંચ વર્ષ સુધી વાહન ચલાવવા માટે ગેરલાયક ઠરાવવાનો હુકમ કરી આરોપી હેમીલભાઈ રાજેશભાઈ કાકાનું લાયસન્સ ૨૬-૦૨-૨૦૨૯ સુધી સસ્પેન્ડ કરવાનો હુકમ કરવામા આવ્યો છે.

# વિરપુરના બોર પ્રા.શાળામાં વિજ્ઞાન દિવસની ઉજવણી કરાઈ

લુણાવાડા, બોર પ્રાથમિક શાળા તા. વીરપુર, જીલ્લો- મહીસાગર ખાતે ૨૮મી ફેબ્રુઆરી રાષ્ટ્રીય વિજ્ઞાન દિવસની ઉજવણી કરવામાં આવી. જેમાં શાળાના બાળકો દ્વારા વિવિધ કૃતિઓ રજૂ કરવામાં આવી હતી. સાથે ગણિત વિજ્ઞાનના શિક્ષક જીગ્નેશભાઈ દ્વારા અને સમગ્ર સ્ટાફ દ્વારા ખૂબ સુંદર માર્ગદર્શન આપી બાળકોને તૈયાર કરેલ હતા અને બાળકો દ્વારા તૈયાર કરેલ તમામ કૃતિઓનું પ્રદર્શન શાળા ખાતે રાખવામાં આવેલ હતું. જેમાં શાળાના તમામ બાળકોએ ભાગ લીધેલ હતો. બાદ શાળા ખાતે ક્વિઝ સ્પર્ધાનું આયોજન કરવામાં આવેલ હતું. જેમાં ધોરણ મુજબ ટીમ બનાવી, સ્પર્ધા યોજવામાં આવી હતી. આમ, આજનો દિવસ બાળકો ખૂબ આનંદદાયક રીતે વિજ્ઞાન દિવસની ઉજવણી કરી ઉજવ્યો હતો.

# કડાણા એપીએમસી ખેડુત વિભાગમાં બીજેપીની જીત



દિવડાકોલોની, કડાણા એપીએમસી ખેડુત વિભાગ અને વેપારી વિભાગ માટે ચુંટણી જાહેર કરવામાં આવી હતી. જેમાં વેપારી વિભાગની ૪ બેઠકો બિનહરીફ જાહેર થઈ હતી. જ્યારે ખેડુત વિભાગ માટે મતદાન યોજાયુ હતુ. જેમાં ભાજપ પ્રેરીત પેનલનો વિજય થયો હતો. જયારે કોંગ્રેસના તમામ ઉમેદારોને હારનો સામનો કરવો પડ્યો હતો. કડાણા એપીએમસીમાં ખેડુત વિભાગ અને વેપારી વિભાગ માટે ચુંટણી જાહેર કરી હતી. જેમાં વેપારી વિભાગની ચાર બેઠકો બિનહરીફ જાહેર થઈ હતી. જયારે ખેડુત વિભાગમાં ભાજપ અને કોંગ્રેસ પ્રેરીત પેનલમાં ૧૦-૧૦ ઉમેદવારોએ ઉમેદવારી નોંધાવી હતી. જેમાં કડાણા એપીએમસી ખાતે ખેડુત વિભાગની ૧૦ બેઠકો માટે ૧૧૬માંથી ૧૧૪ મતદારોએ મતદાન કર્યુ હતુ. જેની મત ગણતરી થતાં ભાજપ પ્રેરિત પેનલનો વિજય થયો હતો. જેમાં કોંગ્રેસ પ્રેરિત પેનલનો સફાયો થયો હતો. ખેડુત વિભાગની યોજાયેલી ચુંટણીમાં પ્રથમ ત્રણમાં ઝાલાસાગના વાઘાભાઈ કાળુભાઈ ડામોરે સૌથી વધુ ૧૦૦ અને ડીટવાસના કાળુભાઈ સોમાભાઈ ડામોરે ૯૫ મત જયારે અર્જનભાઈ કટારાએ ૮૮ મત મેળવ્યા હતા. માજી ચેરમેન અંબાલાલ પટેલ ૭૨ મત સાથે ભાજપની પેનલના હિસ્સેદાર રહ્યા હતા. કડાણા એપીએમસીમાં વાઘાભાઈ ડામોર કાળુભાઈ સતત ત્રીજીવાર જીત હાસીક કરી વર્ષોથી ભાજપ સાથે સંકળાયેલા હોવાથી આગામી લોકસભા ચુંટણીમાં ભાજપની જીત માટે અસર બની શકે છે.

# વડોદરાના નવાપરા પથ્થરમારાના કેસમાં વધુ ૧ ૨ આરોપીની ધરપકડ

વડોદરા, વડોદરામાં નવાપુરા વિસ્તારમાં થયેલા પથ્થરમારાની ઘટનામાં વધુ ૧૨ આરોપીઓની ધરપકડ કરવામાં આવી છે. ધાર્મિક લાગણી દુભાય તેવી કોમેન્ટ કર્યા બાદ થયેલા પથ્થરમારાનો કેસમાં અત્યાર સુધીમાં ૨૯ આરોપીને ઝડપી લેવામાં આવ્યા છે.

નવાપુરા પોલીસે પથ્થરમારો કરનાર વધુ ૧૨ આરોપીની ધરપકડ કરી છે. વડોદરાના પાદરામાં રહેતા શાહીદ પટેલે ભગવાન શ્રી રામ પર અભદ્ર ટિપ્પણી કર્યા બાદ અરાજકતા ફેલાઈ હતી અને રાત્રે બે કોમના ટોળા આમને-સામને આવી ગયા હતા અને પથ્થરમારો કર્યો હતો. જે પછી નવાપુરા પોલીસે ૧૦૦થી ૧૫૦ લોકોના ટોળા સામે ફરિયાદ નોંધી હતી.

ઘટના કઈક એવી છે કે પાદરાના યુવાને ધાર્મિક લાગણી દુભાય તેવી કરી હતી પોસ્ટ કરી હતી. જે પછી પાદરાના સહિદ પટેલ સામે પોલીસ ફરિયાદ નોંધાઈ છે. તો અભદ્ર ટિપ્પણી કરનાર યુવક પોલીસ સ્ટેશને પહોંચતા તમામ હિન્દુ સંગઠનો એકત્રિત થયા હતા. અભદ્ર ટિપ્પણી કરનાર યુવકની ધરપકડની માગ કરતા લોકો પર પથ્થરમારો થયો હતો. વિરોધ કરતા લોકો પર મોટી સંખ્યામાં ધસી આવેલ ટોળાએ પથ્થમારો કર્યો હતો.

સમગ્ર ઘટનાની જાણ થતા ડીસીપી સહિતનો પોલીસ કાફલો ઘટના સ્થળે દોડી આવ્યો હતો. પોલીસે સમગ્ર વિસ્તારમાં કોમ્બિંગ હાથ ધરી પથ્થરમારો કરનાર આરોપીની શોધખોળ હાથ ધરી હતી. જે પછી ટોળા સામે ગુનો નોંધ્યો છે.

# નાયબ બાગાયત નિયામક ખેડા તથા કે.વી.કે, સણસોલી દ્વારા "મિશન મધમાખી કાર્યક્રમ" અંતર્ગત ખેડૂત તાલીમ શિબિર યોજાઈ

નડીયાદ, નાયબ બાગાયત નિયામક ખેડા દ્વારા અંતર્ગત સેન્ટર ઓફ એકસેલન્સ મહંમદપુરા કપડવંજ ખાતે ''મિશન મધમાખી કાર્યક્રમ'' અંતર્ગત ખેડૂત તાલીમ શિબિર યોજાઈ હતી. આ તાલીમ શિબિર અંતર્ગત ઉપસ્થિત ખેડૂતોને મધમાખી ઉછેર માટે જરૂરી કામગીરીની માહિતી આપવામાં આવી હતી.આ પ્રસંગે કીટકશાસ્ત્રી ડો.બી.એમ.ઝાલાએ મધમાખી વસાહત, રાણી મધમાખી, મધ પેટી નિયમિત સફાઈ, મધ પેટીને ખુલ્લી અને બંધ રાખવાનો સમય, આસપાસના વાતાવરણનું મહત્વ, મધમાખી ઉછેર માટે નો નિભાવ ખર્ચ સહિતની અગત્યની બાબતોની સરળ સમજૂતી ખેડૂતોને આપી હતી.ઉપરાંત મદદનીશ ખેતી નિયામક, કપડવંજ પંકજભાઈ પટેલ દ્વારા મધ ઉત્પાદનમાં મધ પેટી માંથી મધ કાઢવાની પ્રક્રિયાનું પ્રદર્શન કર્યું હતું.આ કાર્યક્રમમાં નાયબ બાગાયત નિયામક ડો. સ્મિતાબેન પિલ્લાઈ દ્વારા ખેડૂતોને બાગાયત ખાતાની વિવિધ યોજનાનો વધુમાં વધુ ખેડૂતોને બાગાયત ખાતાની યોજનાનો લાભ લેવા જણાવ્યું હતું.આ કાર્યક્રમમાં મદદનીશ બાગાયત નિયામક જૈમિનભાઈ પટેલ, હરેશભાઈ સહિત અન્ય બાગાયત વિભાગના કર્મચારીઓ અને મોટી સંખ્યામાં ખેડૂતો હાજર રહ્યા હતા.

# ખાનપુર તાલુકાના કોલંબી ગામે રામદેવપીરના વંશજ આનંદ સિંહ મહારાજ નું સ્વાગત કરાયું



મલેકપુર , મહીસાગર જીલ્લાના ખાનપુર તાલુકાના કોલંબી ગામે નવ યુવક રામા મંડળ કોલંબી દ્વારા રામદેવરા થી પધારેલ રામદેવજી મહારાજના વંશજ આનંદસિંહ મહારાજ રામદેવરા અને તેમના સાથી ભકતો ખેતમલ શર્માજી બાબા રામદેવ પ્રચાર પરિષદ રામદેવજી મહારાજ ગાદી પતિ શ્રી૧૦૮ કડવાભાઈ ડામોરને સાલ ઓઢાડી સન્માન કરવામાં આવ્યું હતું તથા બાબુભાઈ ખરેડી અને હરીશભાઈ ડામોરનું પણ સન્માન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે કોલંબી ગામના ઉપસ્થિત નવ યુવક રામા મંડળના ભકતો અને આજુબાજુના આવેલ ભક્તોને પ્રોત્સાહિત કર્યા હતા.

# "મારું રાજીનામું એક અફવા છે, અમારી સરકાર ૫ વર્ષ સુધી ચાલશે": મુખ્યમંત્રી સુખવિંદર સિંહ સુખુ

હિમાચલના મુખ્યમંત્રી સુખુને હવે રાજીનામું આપવું પડી શકે છે.ધારાસભ્યોની નારાજગી વચ્ચે કોંગ્રેસ હાઈકમાન્ડે સીએમ સુખુનું રાજીનામું માંગ્યું છે. હવે હિમાચલ પ્રદેશમાં મુખ્યમંત્રી માટે નવા નેતાની પસંદગી કરવામાં આવશે. પાર્ટી તરફથી ડીકે શિવકુમાર અને ભૂપેન્દ્ર સિંહ હુડ્ડા નિરીક્ષક તરીકે શિમલામાં હાજર છે.કોંગ્રેસ ધારાસભ્ય દળની બેઠકમાં નવા નેતાની પસંદગી કરવામાં આવશે.

મુખ્યમંત્રી પદની રેસમાં પ્રતિભા સિંહ અને મુકેશ અગ્નિહોત્રીના નામ સૌથી આગળ છે. પ્રતિભા સિંહ ગુડે ૨૦ ધારાસભ્યોના સમર્થનનો દાવો કર્યો છે. આ દરમિયાન સીએમ સુખુએ કહ્યું કે મેં કોઈ રાજીનામું આપ્યું નથી. હું એક યોદ્ધા છું અને કેવી રીતે લડવું તે જાણું છું. મારા રાજીનામાને લઈને આ પ્રચાર કરવામાં આવી રહ્યો છે.હિમાચલ પ્રદેશના મુખ્યમંત્રી સુખવિંદર સિંહ સુખુએ તેમના રાજીનામાના સમાચારને અફવા ગણાવી છે. તેમણે કહ્યું, "મેં રાજીનામું આપ્યું નથી. મારા રાજીનામાના સમાચાર અફવા છે.



અમારી સરકાર સ્થિર છે અને સંપૂર્ણ પાંચ વર્ષ સુધી ચાલશે

દરમિયાન હિમાચલમાં વિપક્ષના નેતા જય રામ ઠાકુરે કહ્યું કે મંગળવારે રાજયસભાની ચૂંટણીના પરિણામોએ સ્પષ્ટ કર્યું છે કે કોંગ્રેસ સરકાર લઘુમતીમાં છે અને મુખ્યમંત્રી સુખવિંદર સિંહ સુખુના રાજીનામાની માંગ કરી છે. રાજયની વિધાનસભાની ૬૮ બેઠકોમાંથી કોંગ્રેસ પાસે ૪૦ અને ભાજપ પાસે ૨૫ બેઠકો છે. બાકીની ત્રણ બેઠકો અપક્ષો પાસે છે.

દરમિયાન, હિમાચલ પ્રદેશ વિધાનસભાના અધ્યક્ષ કુલદીપ સિંહ પઠાનિયાએ બુધવારે વિપક્ષના નેતા જય રામ ઠાકુર સહિત ભારતીય જનતા પાર્ટીના ૧૫ ધારાસભ્યોને સસ્પેન્ડ કર્યા અને પછી ગૃહની કાર્યવાહી સ્થગિત કરી દીધી. મંગળવારે પઠાનિયાની ઓફિસની બહાર માર્શલો સાથે "દુરાચાર" કરવા અને ગૃહમાં અરાજકતા ફેલાવવા બદલ ભાજપના ધારાસભ્યોને સસ્પેન્ડ કરવામાં આવ્યા હતા. ઠાકુર ઉપરાંત સસ્પેન્ડ કરાયેલા ધારાસભ્યોમાં વિપિન પરમાર, વિનોદ કુમાર, હંસ રાજ, જનક રાજ, બલબીર વર્મા, ત્રિલોક જામવાલ, દીપ રાજ, સુરેન્દ્ર શૌરી, પુરણ ઠાકુર, ઈન્દર સિંહ ગાંધી, દિલીપ ઠાકુર, રણધીર શર્મા, લોકેન્દ્ર કુમાર અને રણવીર સિંહનો સમાવેશ થાય છે.

હિમાચલ પ્રદેશમાં રાજયસભાની ચૂંટણી બાદ તીવ્ર બનેલી રાજકીય ઉથલપાથલ વચ્ચે કેન્દ્રીય મંત્રી અનુરાગ ઠાકુરે બુધવારે આરોપ લગાવ્યો કે કોંગ્રેસ પહાડી રાજયમાં વિખરાયેલી લાગે છે અને તેના માટે તે પોતે જ જવાબદાર છે. અહીં એક કાર્યક્રમ દરમિયાન પત્રકારો સાથે વાત કરતા તેમણે કહ્યું કે જેઓ પોતાની પાર્ટી પર કાબૂ નથી રાખી શકતા તેઓ બીજા પર આરોપ લગાવી રહ્યા છે. તેમણે કહ્યું, "હિમાચલમાં કોંગ્રેસના ધારાસભ્યોએ તેમની પોતાની સરકારમાં વિશ્વાસ ગુમાવ્યો છે. કારણો છે... ખોટા વચનો, ખોટી ગેરંટી, પરસ્પર અવિશ્વાસ, શબ્દો અને કાર્યોમાં તફાવત, નબળા અને નબળા નેતૃત્વ અને જનતાની વચ્ચે જવાની શરમ." હિમાચલમાં કોંગ્રેસ વેરવિખેર, તૂટેલી લાગે છે અને આ માટે તે પોતે જ જવાબદાર છે.

બીજીબાજ ભાજપના ધારાસભ્યોનું એક પ્રતિનિધિમંડળ આજે રાજભવનની મુલાકાતે આવ્યું હતું અને રાજયપાલને મળ્યું હતું. તેમણે રાજયપાલને બજેટ પસાર કરવાની સંપૂર્ણ સ્થિતિ જણાવી અને વિભાજનના મતની માંગણી કરી. ફરિયાદ મળ્યા બાદ રાજયપાલે સ્પીકરને બોલાવ્યા હતા.જયારે વીરભદ્ર સિંહના પુત્ર અને હિમાચલ સરકારમાં મંત્રી વિક્રમાદિત્ય સિંહે રાજીનામું આપી દીધું છે. તેઓ કહે છે, "અમે હંમેશા પાર્ટીને સમર્થન આપ્યું છે... હું આજે એટલું જ કહેવા માંગીશ કે વર્તમાન સમયે આ સરકારમાં ચાલુ રહેવું મારા માટે યોગ્ય નથી. મેં નિર્ણય કર્યો છે કે હું કેબિનેટમાંથી રાજીનામું આપી રહ્યો છું.હિમાચલ પ્રદેશના સ્વાસ્થ્ય મંત્રી ધની રામ શાંડિલે કહ્યું કે આપણે બધાએ લોકશાહીની રક્ષા માટે કામ કરવું જોઈએ. પક્ષમાં હોય કે વિરોધમાં, આવા સમયે આપણે આપણી શિસ્ત બતાવવી જોઈએ.

કુલ ૬૮ સભ્યોવાળી વિધાનસભામાં કોંગ્રેસના ૪૦ ધારાસભ્યો છે અને ભાજપના ૨૫,બે અપક્ષ સહિત ત્રણ અન્ય ધારાસભ્ય છે જે રાજયસભા ચુંટણી માટે મતદાન પહેલા કોંગ્રેસ સરકારને સમર્થન કરી રહ્યાં હતાં રાજયસભા ચુંટણી બાદ બદલાયેલી પરિસ્થિતિઓમાં વિક્રમાદિત્ય સહિત કોંગ્રેસના સાત ધારાસભ્યોએ બળવો કર્યો છે ત્રણ અન્ય પણ સરકારનો સાથ છોડી ચુકયા છે.જે ભાજપમાં આવી ગયા છે.આવામાં સુખુ સરકારની પાસે હાલ ૩૩ ધારાસભ્યોનો ટેકો છે જે બહુમતિ માટે જરૂરી ૩૫ ધારાસભ્યોના જાદુઈ આંકડાથી બે ઓછા છે.બીજી તરફ સાત બળવાખોર,ત્રણ અન્ય અને ભાજપના ૨૫ ધારાસભ્યોને મિલાવવામાં આવે તો ૩૫ ધારાસભ્ય સરકારની વિરૂધ્ધ છે. ભાજપના ૧૫ ધારાસભ્યોને સસ્પેન્ડ કરવામાં આવતા ગૃહની અંદર ૫૩ સંખ્યા થાય અને જરૂરી આંકડો ૨૭ જોઈએ નવા નંબર અનુસાર સુખુ સરકારની પાસે ૩૩ ધારાસભ્યોનું સમર્થન છે જે બહુમતિ મોટે જરૂરી ૨૭થી ૬ વધુ છે. જોકે ધ્યાન આપવાની વાત એ છે કે આ રાહત કામચલાઉ છે.જયરામ ઠાકુરે એવો દાવો કર્યો છે કે કોંગ્રેસના છ સાત નહીં અનેક ધારાસભ્ય અમારા સંપર્કમાં છે અને સુખુ સરકાર લઘુમતિમાં છે.

# આપની આજ.......

મેષ: આજનો દિવસ તમારા માટે વિશેષ છે અને આજે તમે વ્યવસાયની બાબતમાં કોઈ વિશેષ ડીલને અંતિમ સ્વરૂપ આપી શકો છો.આ દિવસે તમે શારીરિક સુવિધાઓ માટે ખર્ચ કરશો અને તમારા પૈસા પણ વધુ વધશે.

વૃષભ: આજે તમને શુભ ફળ મળશે અને વ્યવસાયમાં જોખમ લેવાથી આજે લાભ થઈ શકે છે. જૂના રોકાણોથી પણ આજે ફાયદો થઈ શકે છે. ધૈર્ય અને હળવા વર્તનથી સમસ્યાઓ સુધારજો.

મિથુન: આજનો દિવસ ખૂબ વ્યસ્ત છે, પરંતુ ધર્મ, આધ્યાત્મિકતા અને શિક્ષણની બાબતોમાં થોડો સમય આપશો. વરિષ્ઠ અધિકારીઓ તમારા કામમાં વિક્ષેપ લાવવાની કોશિશ કરશે.

કર્ક: આજનો દિવસ તમને ખૂબ સારા પરિણામ આપવા જઈ રહ્યો છે અને તમે જે કામ સમર્પણ સાથે કરો છો તેમાં તમને પૂર્ણ સફળતા મળશે. ઓફિસમાં તમારું મૈત્રીપૂર્ણ વાતાવરણ સર્જાશે અને તમારા સાથીઓ પણ સહયોગ કરશે.

સિંહ: આજનો દિવસ તમારા માટે ફાયદાકારક છે અને આજે અટકેલા પૈસા મળવાની સંભાવના છે. કાર્ય વર્તન સંબંધિત તમામ વિવાદો આજે ઉકેલી શકાય છે. નવા પ્રોજેક્ટ પર પણ કેટલાક કામ શરૂ થઈ શકે છે.

કન્યા: આજનો દિવસ તમારા માટે શુભ ફળ આપી રહ્યો છે અને તમને ભાગ્યનો પૂરો સહયોગ મળશે. તમારું યોજનાઓમાં ધ્યાનમાં લાગશે. આજે કોઈ કેસ સંબંધિત કાયદાકીય વિવાદમાં સફળતાની સંભાવના છે.

તુલા: આજીવિકાની દ્રષ્ટિએ આજનો દિવસ ખૂબ જ મજબૂત છે. દિવસભર લાભ મળશે અને નોકરી મેળવનારાઓને સારી આવક મળવાની અપેક્ષા છે. પરિવાર સુખ અને શાંતિનો આનંદ માણશે અને ભાઈ-બહેનો સાથે આનંદ કરશો.

વૃશ્ચિક: આજનો દિવસ સારો પરિણામ આપવા જઈ રહ્યો છે. રચનાત્મક કાર્યોમાં સામેલ લોકોને સફળતા મળશે અને ભાગ્યની સહાયથી અધૂરા કાર્યો પૂરા થતાં જોવામાં આવશે. તમે જે કામ સૌથી વધુ પસંદ કરો છો તે આજે થશે.

ધન: આજનો દિવસ સામાન્ય છે અને રોમેન્ટિક સંબંધ સમરસતા સ્થાપિત કરશે. ભાગીદારીમાં આજે થયેલ કાર્ય શુભ ફળ આપશે અને રોકાણમાં લાભ મળશે. આજે તમારા ધંધામાં નફો નોંધપાત્ર વધશે.

મકર: આજે તમારે પરસ્પર વાટાઘાટોમાં સંયમ અને સાવધાની રાખવાની જરૂર છે. ખાતરી રાખો કે તમારી આસપાસના લોકો સાથે કોઈ વિરોધાભાસ નથી. વાણી પર નિયંત્રણ રાખો અને ક્રોધને કાબૂમાં રાખો.

કુંભ: આજે તમારા માટે થોડો પડકાર રહી શકે છે. સાવચેત અને જાગૃત રહેવાની જરૂર છે. ધંધાના કિસ્સામાં જો તમે થોડું જોખમ લેશો તો મોટો ફાયદો થવાની આશા છે. રોજિંદા કામ ઉપરાંત, તમે કંઈક નવું કરવાનો પ્રયત્ન કરશો તો ફાયદાકારક રહેશે. કોઈ અંગત માટે કેટલાક પૈસાની વ્યવસ્થા કરવી પડી શકે છે.

મીન: આજનો દિવસ થોડો સાવધ રહેવાનો છે અને તમારા સ્વાસ્થ્યનું વિશેષ ધ્યાન રાખવાનો છે. હવામાનના બદલાવથી વિકાર પણ થઈ શકે છે. ખોરાકમાં બેદરકારી ના રાખવી. નહીં તો તમારું નુકસાન થઈ શકે છે.

તા.૨૯/૦૨/૨૦૨૪ ગુરૂવાર

પંચમહાલ સમાચાર


# વિકસિત ગુજરાત @૨૦૪૭ની

સંકલ્પનાને ચરિતાર્થ કરતું શિક્ષણ વિભાગ માટેનું કુલ **₹૫૫,૧૧૪ કરોડ**નું બજેટ

**બજેટ ૨૦૨૪-૨૦૨૫**



**વૈદિક યુગ**થી **આધુનિક યુગ**ના શિક્ષણમાં અગ્રેસર ગુજરાત







**ઉચ્ચ** અને **ટેક્નિકલ શિક્ષણ** અંતર્ગત બજેટમાં વિવિધ જોગવાઇ......

**મુખ્યમંત્રી યુવા સ્વાવલંબન યોજના** અંતર્ગત અંદાજે ૭૫ હજાર વિદ્યાર્થીઓને સહાય આપવા **₹૪૦૦ કરોડ**ની જોગવાઇ

**મુખ્યમંત્રી કન્યા કેળવણી નિધિ યોજના** અંતર્ગત મેડિકલમાં અભ્યાસ કરતી ૪૫૦૦ વિદ્યાર્થીનીઓને સહાય આપવા **₹૧૬૦ કરોડ**ની જોગવાઇ

**રાજ્યની સ્ટેટ યુનિવર્સિટીઓ**માં વિવિધ માળખાકીય સુવિધાઓના વિકાસ માટે **₹૧૦૧ કરોડ**ની જોગવાઇ

**શિક્ષણ ક્ષેત્રે બજેટ**માં અન્ય વિભાગો દ્વારા ખાસ જોગવાઇ......

આદિજાતિ વિકાસ વિભાગ હેઠળ આદર્શ નિવાસી શાળાઓ, આશ્રમશાળાઓ અને ઈ.એમ.આર.એસ. મળીને કુલ ૮૩૭ જેટલી શાળાઓના અંદાજિત **૧ લાખ ૫૨ હજાર** વિદ્યાર્થીઓને સહાય માટે **₹૭૩૫ કરોડ**ની જોગવાઇ

અંદાજે ૨ લાખ વિદ્યાર્થીઓને પોસ્ટ મેટ્રિક શિષ્યવૃત્તિ આપવા **₹૫૮૪ કરોડ**ની અને પ્રિ-મેટ્રિકના અંદાજે ૧૫ લાખ વિદ્યાર્થીઓને શિષ્યવૃત્તિ આપવા **₹૧૭૬ કરોડ**ની જોગવાઇ

**પી.એમ. યશસ્વી શિષ્યવૃત્તિ યોજના** અંતર્ગત ધોરણ-૯, ૧૦ અને પોસ્ટ મેટ્રિકના અંદાજે ૧૦ લાખ વિદ્યાર્થીઓને શિષ્યવૃત્તિ આપવા **₹૫૪૦ કરોડ**ની જોગવાઇ

**'સરસ્વતી સાધના યોજના'** અંતર્ગત ધોરણ-૯માં અભ્યાસ કરતી અનુસૂચિત જાતિ અને વિકસતી જાતિની અંદાજે ૧ લાખ ૫૦ હજાર કન્યાઓને વિનામૂલ્યે સાઇકલ આપવા માટે **₹૮૪ કરોડ**ની જોગવાઇ

**પ્રાથમિક** અને **માધ્યમિક** શિક્ષણ અંતર્ગત બજેટમાં વિવિધ જોગવાઇ......

- મિશન સ્કૂલ્સ ઓફ એક્સેલન્સ અંતર્ગત પ્રાથમિક અને માધ્યમિક શાળાઓના ઇન્ફ્રાસ્ટ્રકચર અપગ્રેડેશન માટે અંદાજે **₹૩૦૦૦ કરોડ**ની જોગવાઇ
- વિદ્યાર્થીઓને પૂરક પોષણ અને પૌષ્ટિક ભોજન આપવા પી.એમ. પોષણ યોજના અંતર્ગત **₹૧૪૦૦ કરોડ**ની જોગવાઇ
- સરકારી અને બિન સરકારી અનુદાનિત શાળાઓમાં ભણતી દીકરીઓ માટે **'નમો લક્ષ્મી યોજના'** હેઠળ સહાય માટે **₹૧૨૫૦ કરોડ**ની જોગવાઇ
- ગ્રાન્ટેડ માધ્યમિક શાળાઓના ધોરણ ૯ થી ૧૨ના અંદાજિત ૧ લાખ વિદ્યાર્થીઓને સ્કૂલ ટ્રાન્સપોર્ટ સુવિધા અંતર્ગત સહાય માટે **₹૨૬૦ કરોડ**ની જોગવાઇ
- ધોરણ -૧૧ અને ૧૨માં વિજ્ઞાન પ્રવાહમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓને પ્રોત્સાહિત કરવા **'નમો સરસ્વતી યોજના'** હેઠળ સહાય માટે **₹૨૫૦ કરોડ**ની જોગવાઇ

આઝાદીના **અમૃતકાળ**માં ગુજરાતમાં વહી રહી છે **અવિરત જ્ઞાનરૂપી ગંગા**



સૌને શિક્ષણ, સૌને જ્ઞાન

શિક્ષણ ક્ષેત્રે અગ્રેસર ગુજરાત

ગુજરાતે અપનાવી શિક્ષણક્ષેત્રે

ઉત્તમ થી સર્વોત્તમ નીતિ


# રાહુલ ગાંધીની ભારત જોડો ન્યાય યાત્રા ૭ માર્ચે ઝાલોદ ખાતે પ્રવેશ કરશે

દાહોદ,

રાહુલ ગાંધીની ભારત જોડો ન્યાય યાત્રા ગુજરાતના આગમનમાં આગામી તારીખ ૦૭મી માર્ચના રોજ દાહોદ જીલ્લાના ઝાલોદ ખાતે પ્રવેશ કરશે તે માટે આજરોજ દાહોદ શહેરમાં દાહોદ જીલ્લા કોંગ્રેસ સમિતિ દ્વારા એક સમીક્ષા બેઠકનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં કોંગ્રેસના પ્રભારી મુકુલ વાસનીકની ઉપસ્થિતીમાં બેઠકનું આયોજન કરવામાં આવ્યું હતું. આ બેઠકમાં કોંગ્રેસના નેતાઓ દ્વારા પોતાના ભાષણમાં ભારતીય જનતા પાર્ટી પર આકરા પ્રહારો કર્યા હતાં જેમાં ભાજપાની સરકાર દરમ્યાન સરકારી કૌભાંડથી લઈ બેરોજગારી, મોંઘવારી, શિક્ષણ વિગેરે મુદ્દાઓને લઈ ભાજપા સરકારી પર કોંગ્રેસે આકરા પ્રહારો કર્યા હતાં અને આગામી ૦૭મી માર્ચના રોજ જ્યારે રાહુલ ગાંધી ઝાલોદ પધારે ત્યારે જાહેર જનતાએ તેઓનું સ્વાગત કરે તેવી અપીલ કરવામાં આવી હતી.

દાહોદ શહેર ઈન્દૌર હાઈવે રોડ પર પ્રસંગ પાર્ટી પ્લોટ–૨ ખાતે આજરોજ દાહોદ જીલ્લા કોંગ્રેસ પાર્ટી દ્વારા એક સમીક્ષા બેઠકનું આયોજન કરવામાં આવ્યું હતું. આ સમીક્ષા બેઠક રાહુલ ગાંધી દાહોદ જીલ્લાના ઝાલોદ ખાતે આગામી તારીખ ૦૭મી માર્ચના રોજ પધારનારા હોય તે માટે બેઠકનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં ગુજરાત અને દાહોદ જીલ્લાના કોંગ્રેસના આગેવાનો મોટી સંખ્યામાં હાજર રહ્યાં હતાં. આ કાર્યક્રમમાં ઉપસ્થિત કોંગ્રેસના આગેવાનો દ્વારા ભાજપાની સરકાર પર આકરા પ્રહારો કર્યા હતાં. તેઓના જણાવ્યાં અનુસાર, ૨૦૧૪માં ભાજપા સરકારે છળકપટથી સરકાર બનાવી હતી. ભાજપના સરકારમાં સરકારી કૌભાંડોનો રાફડો ફાટી રહ્યો છે. બેરોજગારી વધી રહી છે. શિક્ષણનું સ્તર નીચે જઈ રહ્યું છે. દાહોદના સાંસદ પર આકરા પ્રહારો કરતાં જણાવ્યું કે, દાહોદના સાંસદે માત્ર પોતાનો વિકાસ કર્યો છે, પોતાનું ઘર ભર્યુ છે. કોઈ પ્રકારના વિકાસના કામો કર્યા છે. આદિવાસી પ્રજાને છેતરવામાં આવી છે. આ વખતે દાહોદના સાંસદને ઘરે બેસાડી દેવાના છે. ભાજપા સરકાર જુઠ્ઠુ બોલવામાં માહેર છે. દેશના લોકો ભાજપાની સરકારથી કંટાળી ગયાં છે. દેશ આવી તમામ સમસ્યાઓથી ઝઝુમી રહ્યાં છે ત્યારે આવી સમસ્યાથી દેશવાસીઓને દુર કરવા તેમજ દેશવાસીઓના પ્રશ્નોના નિરાકરણ આવી શકે તે માટે અને દેશના વિકાસ માટે રાહુલ ગાંધીએ કન્યાકુમારીથી પદયાત્રાની શરૂઆત કરી છે. પદયાત્રામાં તમામ નાનાથી લઈ મોટા લોકો પદયાત્રામાં રાહુલ ગાંધીને મળતાં આવ્યાં છે. તમામની સમસ્યાઓને સાંભળી રહ્યાં છે. આ પદયાત્રામાં સારો પ્રતિભાવ મળી રહ્યો છે. જમ્મુ કાશ્મીરમાં ભાજપની સરકારે સિક્યુરીટી આપવાનો ઈન્કાર કરી દીધો હતો અને તેમ છતાંય રાહુલ ગાંધીએ કાશ્મીરમાં પદયાત્રા કરી છે.જમ્મુ કાશ્મીરના તમામ લોકોને રાહુલ ગાંધી પદયાત્રામાં મળ્યાં છે. દાહોદ જીલ્લામાં આદિવાસીના હક્કો માટે રાહુલ ગાંધી દાહોદ જીલ્લામાં આવી રહ્યાં છે. ઝાલોદમાં અને દાહોદમાંથી રાહુલ ગાંધીની ભારત જોડો ન્યાય યાત્રા આવે ત્યારે સૌ લોકો અને આદિવાસી સમાજના લોકોએ તિર, કામઠા અને પોતાના પરંપરાગત વેશભુષા સાથે રાહુલ ગાંધીનું સ્વાગત કરે તેવી કોંગ્રેસના આગેવાનો દ્વારા જાહેર જનતાને કરવામાં આવી હતી.

કોંગ્રેસની બેઠકમાં ગુજરાત કોંગ્રેસના પ્રભારી મુકુલ વાસનીક, પુર્વ વિપક્ષ નેતા સુક્રમ રાઠવા, અમીત ચાવડા, ભરતસિંહ સોલંકી, શકિતસિંહ ગોહિલ, ઉષાબેન નાયડુ, જગદીશભાઈ ઠાકોર, રોહત ગુપ્તા, શૈલેષ પરમાર, હરપાલસિંહ ચુડાસમા, વિમલ શાહ, રાજેન્દ્ર પટેલ, હિંમ્મતસિંહ પટેલ, પ્રભાબેન તાવીયાડ, વજુભાઈ પણદા, કિરીટ પટેલ, ચંન્દ્રિકાબેન બારીયા, હર્ષદ નિનામા વિગેરે કોંગ્રેસના આગેવાનો ઉપસ્થિત રહ્યાં હતાં.

# ઝાલોદ પોલીસ સ્ટેશનમાં પી.એસ.આઇ માળી દ્વારા ટ્રાફિક અવેરનેસ માટે જાહેર રસ્તા પર વ્યાપાર કરનાર વ્યાપારી સાથે સંવાદ કર્યો



ઝાલોદ,

ઝાલોદ પોલીસ મથકમાં જાહેર રસ્તા પર વ્યાપાર કરનાર વ્યાપારી વર્ગ જોડે ટ્રાફિક અવેરનેસ માટે એક મીટિંગનું આયોજન કરવામાં આવ્યું હતું. આ મીટિંગમાં પી.એસ.આઇ માળી દ્વારા નાના પથારા કે હાથલારી પર વેપાર કરનાર વ્યાપારી વર્ગ સાથે સંવાદ કરતાં જણાવ્યું કે, જાહેર રસ્તાને અડચણ રૂપ આવી ટ્રાફિક થાય તે રીતે કોઈ પણ વ્યાપારી વેપાર ન કરે, કોઈ પણ વ્યાપારી પોતાની જવાબદારી સમજી રોડ રસ્તા ખુલ્લા રહે તે રીતે પોતાનો વ્યાપાર કરે. પી.એસ.આઇ માળી એ વધુમાં કહ્યું કે નગરની વસ્તીમાં ધીરે ધીરે વધારો થાય છે સાથે સાથે રોડ રસ્તા પર વ્યાપાર કરનાર વ્યાપારી વર્ગ પણ વધતા જાય છે અને નગરનું ટ્રાફિક પણ વધતું જાય છે. સંકુચિત જગ્યામાં બધું શકય નથી જેથી કોઈ પણ વ્યાપારી નગરમાં અડચણ રૂપ થાય તે રીતે હાથલારી , પથારા કે રીક્ષા પાર્કિંગ ન કરે તેનું ખાસ ધ્યાન રાખે. પોલીસ સદા સહુની મદદ માટે હોય છે. તેથી વ્યાપારીઓ પણ પોલીસને સહયોગ કરી કાયદો વ્યવસ્થા જાળવવામા મદદરૂપ થાય તેવો આગ્રહ કર્યો હતો.

દાહોદ જીલ્લા પોલીસ અધિક્ષક ટ્રાફિક અવેરનેસ અને દારૂ બંદી માટે સતત પ્રયત્નશીલ શીલ છે અને આ માટે ઝાલોદ નગરનો પોલીસ સ્ટાફ પણ આ અંગે સતત પ્રયત્ન કરી રહ્યું છે. જેથી કોઈ પણ વ્યાપારી જાહેર રસ્તાને અડચણરૂપ થાય તેમ વેપાર કરશે તો પોલીસ તેવા વ્યાપારી પર કાયદેસરની કાર્યવાહી કરશે તેવું પી.એસ.આઇ માળી એ જણાવ્યું હતું. ઉપસ્થિત દરેક વ્યાપારીઓ એ પણ પોલીસને સહયોગ આપી વ્યાપાર કરશે તેવી ખાત્રી આપી હતી.

# સરસ્વતી પ્રાથમિક વિદ્યામંદિર બલૈયા શાળામાં રાષ્ટ્રીય વિજ્ઞાન દિવસની ઉજવણી કરવામાં આવી

ફતેપુરા,

ફતેપુરા તાલુકાના બલૈયા ગામે સરસ્વતી પ્રાથમિક વિદ્યામંદિર ખાતે ભૌતિક વૈજ્ઞાનિક ડો. સી.વી. રામનની યાદમાં ૨૮ ફેબ્રુઆરી ૨૦૨૪ના રોજ વિકસિત ભારત માટે સ્વદેશી ટેક્નોલોજી થીમ આધારિત રાષ્ટ્રીય વિજ્ઞાન દિવસની ઉજવણી કરવામાં આવી હતી.

ટેકનોલોજીના માધ્યમથી દેશની સમસ્યાઓનું સરળીકરણ કેવી રીતે કરી શકાય તે માટે વિદ્યાર્થીઓ વિજ્ઞાન અને તેના વિવિધ પાસાઓ અંગે જાણે અને સમજે અને ભવિષ્યમાં દેશને સીવી રામન જેવા અનેક વૈજ્ઞાનિકો મળે તથા અવનવી તકનીક કે શોધ કરવા પ્રેરાય અને દેશની વિકાસ ગાથાના સાથી સહયોગી બને તેવા આશયથી વિજ્ઞાન દિવસની ઉજવણી કરવામાં આવી હતી. આ કાર્યક્રમમાં શાળાના મંત્રી નિલમબેન એસ પંચાલ, ડો. ભુપેન્દ્રભાઈ બારીયા, વાલી અગ્રણીકમલેશભાઈ પ્રજાપતિ, આચાર્ય પીયૂષભાઈ પટેલ, શિક્ષક સ્ટાફગણ, તથા મોટી સંખ્યામાં વિદ્યાર્થીઓ હાજર રહ્યા હતા. શાળાના ધોરણ બે થી આઠ સુધીના ૯૦ જેટલા વિદ્યાર્થીઓએ ભાગ લઈ આકર્ષક અને અવનવી કૃતિઓ બનાવી હતી.

કાયક્રમના સહભાગી વિદ્યાર્થીઓને ઇનામ અને પ્રમાણપત્ર આપી અભિનંદન પાઠવ્યા હતા. ટ્રસ્ટ પરિવાર વતી તમામ શિક્ષકોને અભિનંદન પાઠવવામાં આવ્યા.

# ઝાલોદ ગેંગદિયા વર્ગ ડુંગરી પ્રા.શાળાનો સાયન્સ સિટી અમદાવાદ ખાતે પ્રવાસ યોજાયો

ઝાલોદ,

ઝાલોદ ગેંગદિયા વર્ગ ડુંગરી પ્રા.શાળાનો સાયન્સ સિટી અમદાવાદ ખાતે પ્રવાસ યોજાયો. ગાંધીનગર અને ડાયટ દાહોદ આયોજીત સાયન્સ સિટી મુલાકાત કાર્યક્રમ અંતર્ગત ગેંગદિયા વર્ગ ડુંગરી પ્રા.શાળા તા.ઝાલોદ ની શાળાના બાળકોનો એક દિવસીય પ્રવાસ યોજાયો. જેમાં શિક્ષણ સાથે માર્ગદર્શન અને આધુનિક ૩/ડી–૪/ડી ફિલ્મ દ્વારા વિવિધ વિજ્ઞાન ટેકનોલોજી સાથે સજીવ સૃષ્ટિની અવનવી ખાસિયત અને રોબોટિક ઉપકરણની ઉપયોગીતા અને મહત્વ વિશે માહીતિ મેળવી, મોજ મસ્તી સાથે સાંજે હોટલમાં ગુજરાતી ડિશ જમવાનો લહાવો લીધો. બાળકોને ખુબ મજા આવી. ત્યાર બાદ રાત્રે ૧૧:૧૦કલાકે શાળામા પહોંચી છુટા પડ્યા.

**પંચમહાલ આવૃત્તિ**
ગોધરા, મોરવા(હ), શહેરા, કાલોલ, હાલોલ, જાંબુઘોડા, ઘોઘંબા

**પંચમહાલ સમાચાર**

# ગોધરા ભુરાવાવ એચ.પી.ગેસ ગોડાઉનમાં ગેસ રિફીલીંગનુ કૌભાંડ સામે આવ્યુ

### એચ.પી.ગેસ ગોડાઉનમાં તપાસ દરમિયાન ૧૯ કિલોના ભરેલા ખાલી તેમજ ૫ કિલોના ૪૮૨ બોટલની ઘટ જણાઈ

### ગેસ એજન્સી સંચાલક દ્વારા ગોડાઉનમાં ૧૯ કિલો ગેસ બોટલમાંથી ૫ કિલોના બોટલમાં રિફીલીંગ કરવાનુ કૌભાંડ

ગોધરા,

ગોધરા શહેરના ભુરાવાવ વિસ્તારમાં આવેલ એચ.પી.ગેસ ગોડાઉનમાં જિલ્લા પુરવઠા અધિકારી દ્વારા આકસ્મિક તપાસ હાથ ધરવામાં આવી હતી. તપાસમાં ગોડાઉનમાં ૧૯ કિલોના સિલેન્ડરમાંથી ૫ કિલોના સિલીન્ડરમાં ગેસનુ રિફીલીંગ કરવામાં આવતુ હોવાનુ સામે આવ્યુ છે.



પંચમહાલ જિલ્લા પુરવઠા અધિકારી દ્વારા આજરોજ ગોધરાના ભુરાવાવ વિસ્તારમાં આવેલ એચ.પી.ગેસ ગોડાઉનમાં આકસ્મિક તપાસ હાથ ધરવામાં આવી હતી. જિલ્લા પુરવઠા અધિકારી એચ.ટી.મકવાણાની તપાસ દરમિયાન ગેસ ગોડાઉનમાં ગેસ રિફીલીંગનુ કૌભાંડ સામે આવ્યુ છે.જિલ્લા પુરવઠા અધિકારી, માલમદતર અને એસ.ઓ.જી.પોલીસ સાથે રાખી હાથ ધરવામાં આવેલ તપાસ દરમિયાન એજન્સીના સંચાલક દ્વારા ૧૯ કિલોના ૩૧ ગેસ સિલીન્ડરમાંથી ૫ કિલોના ગેસ સિલીન્ડરમાં રિફીલીંગ કરવામાં આવ્યુ હતુ. ગેસ ગોડાઉનમાં તપાસ દરમિયાન ૧૯ કલિોના ૩૧ ગેસ સિલીન્ડર ૧૯ કિલોના ખાલી સિલીન્ડર ૯૪ તેમજ ૫ કિલોના ૪૮૨ સિલીન્ડર મળી કુલ ૧૦.૧૦ લાખના મુદ્દામાલની ઘટ તપાસમાં સામે આવી હતી. જિલ્લા પુરવઠા અધિકારી, મામલતદાર અને એસ.ઓ.જી. પોલીસની સંયુકત રેઈડ દરમિયાન ગેસ રિફીલીંગ ગેસના સિલીન્ડરની ઘટ જણાઈ આવી હતી. જેને લઈ ૧૯ કિલો તેમજ ૫ કિલોના કિ.૯૧,૦૦૦/–રૂપિયા ગેસ સિલીન્ડર સીઝ કરવામાં આવ્યા હતા. જિલ્લા પુરવઠા અધિકારી તેમજ મામલતદારની સંયુકત તપાસ કામગીરી દરમિયાન ગેસ એજન્સીના સંચાલક દ્વારા જરૂરી દસ્તાવેજો પણ નિભાવેલ ન હોવાનુ સામે આવતા પુરવઠા અધિકારી દ્વારા એલ.પી.જી.વિતરણ અને કંટ્રોલ આદેશ તેમજ એકપલોઝીવ એકટ હેઠળ ગુનો બનતો હોય જેને લઈ ગેસ એજન્સી સંચાલક વિરુદ્ધ કાયદેસરની કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી.



## ગોધરાના તોરણા ગૃપ ગ્રામ પંચાયતના ભાટપુરાના મહિલા સરપંચ અને સભ્ય વચ્ચે વિકાસના કામોને લઈ મારામારી થતાં સામસામે ફરિયાદ વેજલપુર પોલીસ મથકે નોંધાઇ

ગોધરા,

ગોધરા તાલુકાના તોરણા ગૃપ ગ્રામ પંચાયતમાં આવતાં ભાટપુરા ગામે મહિલા સરપંચ અને સભ્ય વચ્ચે વિકાસના કામોને બોલાચાલી કરી એકબીજા સાથે સામસામી મારામારી કરતાં આ બાબતે વેજલપુર પોલીસ મથકે ફરિયાદ નોંધાવા પામી છે.



વિસ્તૃત વિગતો મુજબ ગોધરા તાલુકાના તોરણા ગૃપ ગ્રામ પંચાયતના ભાટપુરા ગામે રહેતા સુરતાબેન શૈલેષભાઈ પરમાર જે સરપંચ તરીકે હોય અને સભ્ય હોય તેઓ અવારનવાર ઝગડો કરી તારે તારા પતિને લઈને પંચાયતમાં જવું નહિ અને મને પુછયા વગર ઠરાવ કે બીલ પાસેથી ઉછીના પૈસા માંગતા ૧,૨૦,૦૦૦/– મોબાઈલ ફોનથી ટ્રાન્સફર આપ્યા હતા. ઉછીના આપેલ પૈસા પરત માંગતા આવતો ન હતા. તેમજ તલાટીને પણ રૂબરૂમાં તેમજ ફોન ઉપર વાત કરી મને પુછયા વગર સરપંચ સાથે મળી ઠરાવ ઉપ સહી કરવી નથી. ૨૬ ફેબ્રુઆરીના રોજ મોબાઈલ ઉપર સરપંચ પતિ શૈલેષભાઈને ફોન તેમ તલાટીને મારા વિશે ખોટી વાત કરો છો તેમ કહેલ જયારે મહિલા સરપંચ અને તેના પતિ સાથે સભ્ય કલ્પેશના ઘર પાસેથી પસાર થતાં હોય ત્યારે સભ્ય કલ્પેશ પરમાર અને અન્ય ઈસમો ગાળો આપી સરપંચના પતિ શૈલેષભાઈને બચકું ભરી તેમજ લાકડીથી મારમારી જાનથી મારી નાખવાની ધમકી આપતાં આ બાબતે વેજલપુર પોલીસ મથકે ફરિયાદ નોંધાવ પામી છે.

જયારે સામાપક્ષે કલ્પેશભાઈ દલપતસિંહ પરમાર દ્વારા પોલીસ મથકે ફરિયાદ નોંધાવતા તોરણા પંચાયતના સરપંચ સુરતાબેન અને તેના પતિ તેમજ અન્ય બે વ્યક્તિ મારા ઘરે આવીને તું મારા કોઈ કામ થવા દેતો નથી તેમ કહી સુરતાબેનને લાકડી કમરના ભાગે મારી તેમજ અન્ય આરોપીઓ ગાળો આપી તેમજ મારી નાખવાની ધમકી આપતાં આ બાબતે વેજલપુર પોલીસ મથકે તોરણાના સરપંચ તેમના પતિ તેમજ અન્ય બે ઈસમો વિરૂદ્ધ ફરિયાદ નોંધાવા પામી છે.

## શહેરા સિંધી ચોકડી વિસ્તારમાં ગટર ઉભરાવાની સમસ્યાથી સ્થાનિકો ત્રાહિમામ પોકારી ઉઠ્યા

શહેરા,

શહેરા સિંધી ચોકડી વિસ્તારમાં ગટર ઉભરાવાની સમસ્યાથી સ્થાનિકો ત્રાહિમામ પોકારી ઉઠ્યા છે. નાછૂટકે રાહદારીઓ ને ગટરનું ગંદુ દુર્ગંધ મારતા પાણીમાંથી નીકળવાની ફરજ પડી રહી હતી.



શહેરા નગર પાલિકા વિસ્તારમા આવેલી સિંધી ચોકડી વિસ્તારમાં ગટર ઉભરાવાની સમસ્યાથી સ્થાનિકો ત્રાહિમામ પોકારી ઉઠ્યા છે. ગટરના ગંદા પાણી રસ્તા પર આવી જવાના કારણે નાછૂટકે રાહદારીઓને ગટરનું ગંદુ દુર્ગંધ મારતા પાણી માંથી નીકળવાની ફરજ પડી રહી હતી. સતત વાહનોની અવરજવર અને મહત્વના બજાર તરફ જવાનો આ માર્ગ હોવાથી જીવન જરૂરિયાતની ચીજ વસ્તુઓ ની ખરીદી કરવા પણ અનેક લોકો આ વિસ્તારમાં આવતા હોય ત્યારે પાલિકા તંત્ર દ્વારા આ બાબતને કેમ ગંભીરતાથી લેવામાં આવી રહી નથી. જોકે, અહીંની આ સમસ્યા કાયમી હલ નહીં થાય તો આવી જ પરિસ્થિતિ આગામી દિવસોમાં આ વિસ્તારમાં રહેશે તો રોગચાળો ફાટી નીકળશે તેવી શક્યતાઓ પણ નકારી શકાય તેમ નથી. જ્યારે રવી દેસરાણીના જણાવ્યા અનુસાર ગટરના પાણી ઉભરાઈને રસ્તા પર આવી જતા બહુ જ દુર્ગંધ પણ મારે છે. આ સમસ્યા અમારી હલ થાય એવી આશા નગરપાલિકા પાસે હું રાખી રહ્યો છું. હાલતો અહી જોવા મળતી પરિસ્થિતિને જોતા નગરપાલિકા તંત્ર દ્વારા તાત્કાલિક આ સમસ્યાનુ નિરાકરણ લાવીને રસ્તા પર જોવા મળતા ગટર ના ગંદા પાણી દૂર કરીને અહીં દવાનો છંટકાવ કરવામાં આવે તે પણ અત્યંત જરૂરી લાગી રહયુ છે.

## ગોધરા-દાહોદ હાઈવે ભામૈયા ચોકડી પાસે કાર ચાલક ટ્રકની પાછળ ધડાકાભેર અથડાતા કાર ચાલકનુ ઘટના સ્થળે મોત : બે ને ઈજાઓ

ગોધરા,

ગોધરા–દાહોદ હાઈવે રોડ ઉપર ભામૈયા ચોકડી પાસે હ્યુન્ડાઈ એલેન્દ્રા ગાડીના ચાલકે પોતાનુ વાહન ગફલતભરી રીતે હંકારી લાવી આગળ ચાલતા ટ્રકની પાછળના ભાગે અકસ્માત કરતા ગાડીમાં સવાર બે વ્યકિતઓને નાની–મોટી ઈજાઓ પહોંચાડી તેમજ પોતાને ગંભીર ઈજાઓ પહોંચાડી ઘટના સ્થળે મરણ જતાં આ બાબતે ગોધરા તાલુકા પોલીસ મથકે ફરિયાદ નોંધાવવા પામી છે.

પ્રાપ્ત માહિતી અનુસાર ગોધરા–દાહોદ હાઈવે રોડ ઉપર ભામૈયા ચોકડી પાસે હ્યુન્ડાઈ એલેન્દ્રા ગાડી નં.એમ.પી.–૦૯–સીકયુ–૧૧૦૦ના ચાલક ચેતન યોગેશ શર્માએ પોતાનુ વાહન પુરઝડપે હંકારી લાવી રોડ ઉપર આગળ ચાલતી ટ્રક નં.એમ.પી.–૧૩–એચ–૦૮૫૦ની પાછળના ભાગે ધડાકાભેર અથડાવી દઈને અકસ્માત સર્જયો હતો. જેને લઈ કારમાં સવાર શક્તિસિંહ ચૌહાણને આંખ અને માથાના ભાગે ઈજાઓ કરી તેમજ ગૌરવ વિજય કુમારને હાથના બાવળાના ભાગે ફ્રેકચર કરી તેમજ ચાલક પોતે ચેતન યોગેશ શર્માએ પોતાના શરીરે ગંભીર ઈજાઓ પહોંચાડી ઘટના સ્થળે મોત નીપજેલ આ બાબતે ગોધરા તાલુકા પોલીસ મથકે ફરિયાદ નોંધાવવા પામી છે.

## મોરવા(હ)તાલુકામાં છોકરી ભગાડી જવાના મુદ્દે મહિલાને નિર્વસ્ત્ર કરી માર મારી ગામમાં ફેરવી તાલીબાની અત્યાચાર

### ચાર મહિલા સહિત પાંચ આરોપીઓની ધરપકડ : એક વોન્ટેડ

ગોધરા,

મોરવા(હ)પંથકની એક મહિલાને છોકરી ભગાડી જવાના મુદ્દે તેણીના ઘરમાં બે મહિલાઓએ ધુસી અપહરણ કરવામાં આવ્યુ હતુ. ત્યારબાદ નિર્વસ્ત્ર કરી હાથ–પગ બાંધી એક ઝાડ સાથે બાંધી માર મારવામાં આવ્યો હતો. આ ઉપરાંત મહિલાને આબરૂ કાઢવાના ઈરાદે નિર્વસ્ત્ર હાલતમાં માર મારતા ગામના ફળિયામાં લઈ જવામાં આવી હોવાની ઘટના બનતા ચકચાર મચી જવા પામી છે. પોલીસે છ આરોપીઓ સામે ગુનો નોંધી પાંચ આરોપીઓની ધરપકડ કરી કાર્યવાહી હાથ ધરી છે.મોરવા(હ)પંથકમાં એક છોકરીને ભગાડી જવાની અદાવત રાખી છોકરીના સ્વજનોએ છોકરાના ઘરમાં પ્રવેશ કરી ઉશ્કેરાઈ જઈ મહિલાને અપશબ્દો બોલવાની ઘટના સામે આવી હતી. બે



મહિલાઓએ તેઓના ઘરે આવી અને મહિલાએ પહેરેલા વસ્ત્રોને ફાડી નાંખી નિર્વસ્ત્ર કરી ઘરમાંથી ઘસડી લઈ જઈને અપહરણ કરવામાં આવ્યુ હતુ. ત્યારબાદ અંદાજિત ૬૦ વર્ષ ધરાવતી આ મહિલાને નજીકમાં આવેલા સીતાફળના ઝાડ સાથે સાડી વડે બાંધી દેવામાં આવી હતી. દરમિયાન એક મહિલા દોરડું લઈને આવી હતી જેના વડે ઉક્ત મહિલાના હાથ–પગ દોરડાં વડે બાંધી દઈ ગેરકાયદેસર અટકાયત કરવામાં આવી હતી. દરમિયાન ઉપસ્થિત અન્ય ત્રણ વ્યક્તિઓએ મહિલાને અમારી છોકરીને તારો છોકરો લઈ ગયો છે જેને પરત લાવી આપ નહિ તો તને જીવતુ છોડીશુ નહિ એમ જણાવી જાનથી મારી નાંખવાની ધમકીઓ આપતા ઉપરાંત મહિલાને બરડામાં અને છાતીના ભાગે માર મારી ઈજાઓ પહોંચાડી હતી. દરમિયાન અન્ય બે વ્યકિતઓએ મહિલાને ગડદાપાટુનો માર મારી મહિલાને જાતિ અપમાનિત કર્યા હતા. દરમિયાન ગામમાં લઈ જઈ વરઘોડો કાઢી હાથ–પગ તોડી નાંખવાના છે એવી ઉશ્કેરણી કરવામાં આવતા સીતાફળના ઝાડ સાથે બાંધેલી મહિલાને છોડી બે મહિલાઓ દ્વારા ઉક્ત મહિલાને નિર્વસ્ત્ર હાલતમાં માર મારતા ગામના ફળિયામાંથી નજીક આવેલી રસ્તા સુધી લઈ જવામાં આવી હતી. દરમિયાન પણ તેણીને એક મહિલા દ્વારા લાકડી વડે માર મારવામાં આવ્યો હોવાનો ફરિયાદ ઉલ્લેખ કરાયો છે. ભોગ બનનાર મહિલા દ્વારા મોરવા(હ)પોલીસ મથકે આ સમગ્ર ઘટના અંગે ફરિયાદ નોંધાવતા પોલીસ દ્વારા છ આરોપીઓ સામે વિવિધ જોગવાઈઓ મુજબ ગુનો નોંધી તાત્કાલિક પાંચ આરોપીઓની ધરપકડ કરાઈ છે. જેમાં ચાર મહિલા આરોપી અને એક પુરૂષનો સમાવેશ થાય છે.પોલીસ દ્વારા ધરપકડ કરાયેલ આરોપીઓમાં નંદાબેન, સવિતાબેન, કૈલાસબેન, શંકરભાઈ, અને સુમીત્રાબેનનો સમાવેશ થાય છે.

## ગોધરા તાલુકાના ચંચેલાવ-સંતરોડ વચ્ચે રેલ્વે ટ્રેક ઉપર યુવક-યુવતિએ ટ્રેન આગળ પડતુ મુકી આપઘાત કર્યો

ગોધરા,

ગોધરા તાલુકાના ચંચેલાવ ગામે ચંચેલાવથી સંતરોડ વચ્ચે કોઈ યુવક–યુવતિએ અગમ્ય કારણોસર ટ્રેન નીચે કપાઈ મરણ જતાં આ બાબતે તાલુકા પોલીસ મથકે ફરિયાદ નોંધાવવા પામી છે. પ્રાપ્ત માહિતી અનુસાર ગોધરા તાલુકાના ચંચેલાવથી સંતરોડ વચ્ચેના થાંભલા નં.૪૮૩/૧૩ પાસે કોઈ અજાણ્યા યુવક–યુવતિએ કોઈ ટ્રેનની આગળ પડતું મુકી કપાઈ જઈ મરણ ગયેલ હોય આ બાબતે ગોધરા તાલુકા પોલીસે ગુનો નોંધી તપાસ કાર્યવાહી હાથ ધરી હતી.

## ગોધરા તાલુકાના ભમરાના મુવાડા ગામે ગુજરાત ક્વોરી માઈન્સના ખાડામાં ડુબી જતાં ૨૪ વર્ષિય યુવાનનુ મોત

ગોધરા,

ગોધરા તાલુકાના ટીંબા પેટેના ભમરાના મુવાડા ગામે આવેલ જુની ગુજરાત ક્વોરીની માઈન્સના ખાડાના પાણીમાં કુદરતી હાજત વખતે ૨૪ વર્ષિય યુવાન પાણીમાં પડી જતાં મોત નીપજયું હતુ. આ બાબતે કાંકણપુર પોલીસ મથકે ફરિયાદ નોંધાવવા પામી છે.

પ્રાપ્ત માહિતી અનુસાર ગોધરા તાલુકાના ટીબા પેટેના ભમરાના મુવાડા ગામે આવેલ જુની ગુજરાત ક્વોરીની માઈન્સના ખાડામાં અનીલભાઈ વિક્રમભાઈ પરમાર(ઉ.વ.૨૪)જે કુદરતી હાજતે ગયેલ હતો દરમિયાન ક્વોરી માઈન્સની પાણી ભરેલ ખાડામાં પડી ગયો હતો. જેને લઈ પાણીમાં ડુબી જવાથી મોત નીપજયું હતુ. આ બાબતે કાંકણપુર પોલીસ મથકે અકસ્માત મોત અન્વયે ફરિયાદ નોંધાવવા પામી છે.

## હાલોલ પોલીસ મથકમાં પોલીસ કર્મીને ધક્કો મારી પોકસોના આરોપીનો ભાગી જવાનો પ્રયાસ

હાલોલ,

પંચમહાલ જિલ્લા મેજીસ્ટ્રેટ ગોધરાના હુકમના આધારે પાસા હેઠળ અટકાયત કરેલ આરોપીને પાલરા કચ્છ–ભુજની ખાસ જેલમાં મોકલવાની કામગીરી હાલોલ શહેર પોલીસ મથકે ચાલતી હતી. દરમિયાન આરોપી પોલીસ કર્મીને ધક્કો મારી ભાગી જવાનો પ્રયાસ કર્યો હતો. જોકે પોલીસ મથકે બીજા અન્ય પોલીસ કર્મીઓએ પોલીસ મથકના મુખ્ય દરવાજા પાસેથી ઝડપી પાડી કાયદેસરની કાર્યવાહી પુર્ણ કરી પાલરા કચ્છ–ભુજની ખાસ જેલમાં મોકલી દેવામાં આવ્યો હતો.

હાલોલ ટાઉન પોલીસ મથકમાં પોલીસ કોન્સ્ટેબલ તરીકે ફરજ બજાવતા નન્નુભાઈ લાલસીંગભાઈએ નોંધાવેલ ફરિયાદમાં જણાવ્યુ હતુ કે,હાલોલના પાવાગઢ રોડ મોંઘાવાડા ખાતે રહેતા મોહસીન મુસ્તાક શેખને પ્રોહિબિશનના ગુના હેઠળ જિલ્લા મેજીસ્ટ્રેટ પંચમહાલ ગોધરાના પાસા ધારાનો હુકમ થયાની મળેલ વર્ધીના આધારે આરોપી મોહસીનની અટકાયત કરી તેને ખાસ જેલ પાલરા કચ્છ–ભુજ ખાતે મોકલી આપવાનો હોય તે અંગેના હુકમના આધારે કાર્યવાહી પુર્ણ કરી તે બાબતે તે આદેશની બજવણી તેની માતાને કર્યા બાદ આગળની કાર્યવાહી કરતા હતા. આ સમયે પોલીસ કર્મી આરોપીના વોચમાં હતો તે દરમિયાન આરોપી મોહસીન અચાનક ઉભો થઈ ફરિયાદી પોલીસને ધક્કો મારી નીચે પાડી દઈ પોલીસ મથકમાંથી ભાગી છુટ્યો હતો.બુમાબુમ કરતા પોલીસ મથકે અન્ય હાજર પોલીસ કર્મીઓએ તેનો પીછો કરતા આરોપી પોલીસ મથકના મુખ્ય ગેટ પાસે ઢાળમાં પડી જતાં પોલીસ કર્મીઓએ ઝડપી લીધો હતો. જોકે ભાગદોડમાં આરોપી પડી જતાં તેને જમણા હાથે છોલાઈ ગયુ હતુ. પાસા હેઠળ અટકાયત કરેલ આરોપીને ખાસ જેલમાં મોકલી આપવામાં આવ્યો હતો.

Published by Karan Ajaykumar Panchal for the owner Panchmahal Samachar From Bandibarno Khancho, Talav Road, Godhra & Printed by him at Panchmahal Press, Bandibarno Khancho, Talav Road, Godhra-389 001 (Gujarat) Phone. 02672 - 243351 Website : www. panchmahalsamachar.com Editor : Karan Ajaykumar Panchal -Responsible for selection of news under PRB Act. Vol. 27, No.159